RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 256, Dt.16-1-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયેલ તથા હમાસ વચ્ચે ૧૫ મહિના બાદ યુદ્ધ વિરામ

## ૧૫ મહિને સીઝફાયરથી લોકોમાં જશ્ન : શેરીઓમાં ઉતરીને ઉજવણીઃ બન્ને એકબીજાના બંદીવાનોને મુક્ત કરશે : ૧૯મીથી લાગુ થશે સમજુતીઃ ત્રણ તબકકામાં શાંતિ પ્રક્રિયા પૂર્ણ થશેઃકતારની મધ્યસ્થીથી મીડલ – ઈસ્ટમાં ઉગ્યો શાંતિનો સૂરજ

**મુખ્ય સમાચાર,દોહા**

દુનિયા જે ક્ષણની રાહ જોઈ રહી હતી તે ક્ષણ આવી ગઈ છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધનો અંત આવ્યો છે. ગાઝામાં ૧૫ મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં ફસાયેલા ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ પર કરાર થયો છે. હમાસ ટૂંક સમયમાં ઈઝરાયલી બંધકોને મુક્ત કરશે. કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ-સાનીએ પોતે દોહામાં ગાઝા યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. કતારની રાજધાની દોહામાં ઈઝરાયલ અને હમાસ યુદ્ધવિરામ કરાર પર સંમત થયા છે. અહીં બંને વચ્ચે ઘણા અઠવાડિયા સુધી વાતચીત થઈ. બંને વચ્ચેનો યુદ્ધવિરામ કરાર રવિવારથી અમલમાં આવશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના સમાચાર વિશ્વ માટે આશ્વાસન આપનારા સમાચાર છે. આ રીતે મધ્ય પૂર્વમાં એક મોટા યુદ્ધનો અંત આવ્યો. આ કરાર માટે બેન્જામિન નેતન્યાહૂએ પોતે ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બિડેનનો આભાર માન્યો છે.

ઈઝરાયલ અને હમાસ આગામી છ અઠવાડિયા સુધી યુદ્ધમાં નહીં કરે. ઈઝરાયલ અને હમાસ યુદ્ધવિરામ પર સંમત થયા છે. એપીના અહેવાલ મુજબ, એક ઈઝરાયલી અધિકારીએ જણાવ્યું હતું કે હમાસ સાથે ગાઝા યુદ્ધવિરામ વાટાઘાટો છેલ્લી ઘડીએ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે કરાર અવરોધાયો હતો. હમાસના એક અધિકારીએ કહ્યું હતું કે જૂથે ગાઝા યુદ્ધવિરામ માટે ઈઝરાયલના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે અને વાટાઘાટો ચાલુ છે. ત્યારબાદ કતાર અને હમાસના અધિકારીઓએ કહયું કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટોમાં છેલ્લી ઘડીનો વિવાદ ઉકેલાઈ ગયો છે. તે પછી, ઈઝરાયલી અને હમાસના અધિકારીઓએ કહયું કે ગાઝામાં ઈઝરાયલના યુદ્ધને રોકવા અને ડઝનબંધ બંધકોને મુક્ત કરવા માટે




યુદ્ધવિરામ પર સંમતિ સધાઈ છે.

કતારના વડા પ્રધાન, જે વાટાઘાટોમાં મધ્યસ્થી કરી રહયા છે, તેમણે હમાસ અને ઈઝરાયલી પ્રતિનિધિમંડળો સાથે અલગથી મુલાકાત કરી, અને થોડા સમય પછી, વિવાદ ઉકેલાઈ ગયો, એમ કતારી અધિકારીએ એપીને જણાવ્યું. તમને જણાવી દઈએ કે યુદ્ધવિરામ કરાર ઈઝરાયલ અને હમાસ વચ્ચે ૧૫ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષનો અંત દર્શાવે છે. ઓક્ટોબર ૨૦૨૩ માં ઈઝરાયલ પર હમાસના હુમલાથી શરૂ થયેલા યુદ્ધનો અંત લાવવા માટે ગયા વર્ષે અમેરિકા, ઈજિપ્ત અને કતાર દ્વારા એક કરાર કરવામાં આવ્યો હતો. મહિનાઓ સુધી ચાલેલી વાટાઘાટો દરમિયાન, બંને પક્ષોએ અગાઉ કહયું હતું કે તેઓ યુદ્ધવિરામની નજીક છે, ફક્ત છેલ્લી ક્ષણે રસ્તાના અવરોધો દૂર કરવા માટે.અ઼ઋઙના આંકડા મુજબ, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયલ પર અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો કર્યા પછી ગાઝા પર યુદ્ધ શરૂ થયું, જેમાં ૧,૨૧૦ લોકો માર્યા ગયા, જેમાં મોટાભાગના નાગરિકોનો સમાવેશ થાય છે. આ હુમલા દરમિયાન હમાસે ૨૫૧ ઈઝરાયલીઓને બંધક બનાવ્યા હતા, જેમાંથી ૯૪ હજુ પણ ગાઝામાં બંધક છે, જેમાંથી ૩૪ને ઈઝરાયલી સૈન્ય દ્વારા મળત જાહેર કરવામાં આવ્યા છે.

# સૈફ અલી ખાનની સર્જરી પૂર્ણ અને હવે ખતરાથી બહાર

**મુખ્ય સમાચાર,મુબઈ**

જાણીતા ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર ચપ્પા વડે હુમલો કરી દેવાની ચકચારી ઘટના સામે આવી છે. આ હુમલામાં અભિનેતા સૈફ અલી ઈજાગ્રસ્ત થયો હતો. માહિતી અનુસાર સૈફના ઘરમાં મોડી રાતે ચોર ઘૂસી ગયો હતો. આ ચોરીની ઘટના બાંદ્રાવાળા બંગ્લોમાં બની હતી. જે દરમિયાન એક ચોરે સૈફ અલી ખાન પર હુમલો કરી દીધો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત થયા. હાલમાં તેમની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડોક્ટરોએ કહ્યું કે તેને ગળાના ભાગે ૧૦ સેમી.નો ઘા પડી ગયો છે. તેને પીઠ અને હાથ ઉપર પણ ઈજાઓ થઈ છે.

જોકે હવે સૈફ અલી ખાનની ટીમે આ મામલે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે અભિનેતાની સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂકી છે અને સૈફ અલી ખાન હવે સુરક્ષિત છે અને ખતરાથી બહાર છે. સર્જરી બાદ સૈફ અલી ખાનની ટીમે ડોક્ટરોની ટીમનો આભાર માન્યો હતો. સૈફ અલી ખાન પર આ હુમલાની તપાસ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૮ ટીમની રચના કરી દેવામાં આવી છે.

માહિતી અનુસાર આ ઘટના સવારે ૩ વાગ્યે બની હતી. એક ચોર સૈફના ઘરમાં ઘૂસી આવ્યો હતો. આ દરમિયાન અમુક નોકર ઊંઘમાંથી ઊઠી એલર્ટ થઈ ગયા અને ચોર ચોરની બૂમ પાડવા લાગ્યા. તે સમયે સૈફ અલી પણ ઊંઘમાંથી જાગી ગયો અને ચોરને પકડવા દોડ્યો હતો. આ દરમિયાન ચોરે



સૈફ પર ચપ્પા વડે હુમલો કરી દીધો જેમાં સૈફ ઈજાગ્રસ્ત થયો હતો. સૈફ અલી ખાનની ટીમના જણાવ્યાનુસાર સૈફ અલી ખાનની સર્જરી કલાકો સુધી ચાલી હતી. તેને બે ત્રણ ઈજાઓ થઈ છે જેમાંથી ગળાના ભાગે લાંબો ચીરો પડી ગયાની માહિતી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે કાર્યવાહી કરતાં ઘરના અમુક કર્મચારીઓની અટકાયત કરી હતી અને તેમની પૂછપરછ શરૂ કરી હતી. મળતી માહિતી અનુસાર હજુ ૩ લોકોની આ મામલે અટકાયત કરવામાં આવી છે. પોલીસ પૂછપરછ કરવા માટે આ લોકોને સાથે લઈ ગઈ છે.

જ્યારે આ ઘટના વિશે ઘરના નોકર અને સભ્યોને જાણકારી મળી તો તેઓ ડરી ગયા અને ઉતાવળે સૈફને હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. તેમને લીલાવતી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. હાલ તેમને દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. જોકે ઘટના બાદથી ચોર ફરાર થઇ ગયા હતા. મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમને ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા હતા. આ મામલે પોલીસે અત્યાર સુધી ત્રણ લોકોની અટકાયત કરી છે. જેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે બે કલાક સુધી સીસીટીવી ફંફોળ્યા છતાં કોઈ એવા મોટા પુરાવા ન મળ્યા કે જેનાથી હુમલાખોર વિશે કોઈ વિગતો મળી શકે.

# કેનેડામાં વિઝા મેળવનારા ૨૦ હજાર ભારતીય છાત્રો ગાયબ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સ્ટૂડન્ટ વિઝા પર કેનેડા ગયેલા ૫૦ હજાર જેટલા ઈન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સનો કોઈ અતોપતો નથી અને તેમાંના મોટાભાગના ઈન્ડિયન્સન છે. આ સ્ટૂડન્ટ્સને આમ તો કેનેડા લેન્ડ થયા બાદ જે-તે કોલેજ, યુનિવર્સિટીમાં ભણવાનું શરૂ કર્યું હતું પરંતુ ભણવાના બહાને કેનેડા ગયેલા આ લોકોએ કોલેજોમાં પગ જ નથી મૂક્યો.

કેનેડિયન અખબાર ગ્લોબ એન્ડ મેલના રિપોર્ટ અનુસાર ૨૦૨૪ની સ્થિતિએ કેનેડામાં જેટલા ઈન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સ હતાં તેમાંથી ૬.૯ ટકા જેટલા લોકો ખરેખર તો ભણવા માટે કેનેડા આવ્યા જ નહોતા અને હાલ આ લોકો ગાયબ છે.



જે ૫૦ હજાર જેટલા સ્ટૂડન્ટ્સ ભણવાના નામે કેનેડા પહોંચીને ગુમ થઈ ગયા હતા તે તમામે ૨૦૨૪ના સ્પ્રિંગ ઈનટેકમાં કે પછી તે પહેલા એડમિશન લીધું હતું અને તેમને કેનેડાનાં વિઝા પણ મળી ગયા હતા.

કેનેડાના ઈમિગ્રેશન લો અનુસાર ફોરેન સ્ટૂડન્ટ્સને એડમિશન આપતી દેશની તમામ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સે સ્ટૂડન્ટ્સ ભણવા માટે રેગ્યુલરલી આવે છે કે નહીં તેનો ડેટા ઈર્છ્ઈઈ સાથે વર્ષમાં બે વાર શેર કરવાનો હોય છે.

આ નિયમ ૨૦૧૪માં અમલમાં આવ્યો હતો, જેનો હેતુ બોગસ સ્ટૂડન્ટ્સ અને તેમને એડમિશન આપતી સંસ્થાઓને આઈડેન્ટિફાઈ કરવાનો હતો પરંતુ એડમિશન અને વિઝા મેળવ્યા બાદ જે સ્ટૂડન્ટ્સ કોલેજમાં ડોકાયા જ નથી તેમનું શું કરવું તે પ્રશ્નનું કેનેડા પાસે કદાચ કોઈ સમાધાન નથી.

માર્ચ અને એપ્રિલ ૨૦૨૪ના ડેટા અનુસાર કેનેડાએ ૧૪૪ દેશોનાં સ્ટૂડન્ટ્સને વિઝા આપ્યા હતા, જેમાં ઈન્ડિયા સહિતના જે ટોપ ટેન દેશોનો સમાવેશ થતો હતો તેમના જ સૌથી વધુ સ્ટૂડન્ટ્સ હાલ ગાયબ છે અને તેમાંય ઈન્ડિયન સ્ટૂડન્ટ્સની સંખ્યા સૌથી વધારે એટલે કે ૨૦ હજાર જેટલી થાય છે.

# મહાકુંભમાં મૌની અમાસે ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની સંભાવના

- **મહાકુંભ ક્ષેત્રમાં વીજળી – પાણીની નકકર વ્યવસ્થા કરવા સીએમ યોગીનો આદેશ**



**મુખ્ય સમાચાર,લખનૌ**

મહાકુંભમાં પ્રથમ અમૃત સ્નાન સફળતાથી સંપન્ન થયા બાદ સરકાર હવે પછીના પ્રમુખ સ્નાનની પુખ્તા તૈયારી કરી રહી છે. મૌની અમાસે ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ ઉમટવાની સંભાવના છે, જેને લઈને સીએમ યોગી આદીત્યનાથે યુદ્ધના ધોરણે તૈયારીનો નિર્દેશ આપ્યો છે.

૧૩ જાન્યુઆરીથી મહાકુંભના પ્રથમ સ્નાનથી અત્યાર સુધીમાં મેળાક્ષેત્રમાં ૬ કરોડથી વધુ લોકો સંગમમા ડૂબકી લગાવી ચૂકયા છે. મકરસંક્રાંતિએ પ્રથમ અમૃત સ્નાનમાં ૩.૫૦ કરોડથી વધુ લોકોએ સંગમમાં સ્નાન કર્યુ છે.

હવે આગામી અમૃત સ્નાન મૌની અમાસે છે જે ૨૯મી જાન્યુઆરીએ છે.

મૌની અમાસે ૮થી૧૦ કરોડ લોકોના આગમનની સંભાવના છે જેને લઈને સીએમે વ્યવસ્થા બહેતર કરવાનો નિર્દેશ કર્યો છે. રેલવે સાથે સંવાદ કરીને મહાકુંભ સ્પેશિયલ ટ્રેનોનું સમયસર આવાગમન નિશ્ચિત કરવામાં આવે.

# રાજયમાં અમરેલી સૌથી ઠંડુ શહેર બન્યું

## અમરેલીમાં ૮.૨, રાજકોટ ૯.૪ ડીગ્રી : દરિયાકાંઠાના પોરબંદરમાં ૧૦.૮ સહિત સૌરાષ્ટ્ર – કચ્છમાં ઠડીનું જોર : વ્હેલી સવારથી ઠારનો અનુભવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં સંક્રાંતિ બાદ પણ ઠંડીનું જોર યથાવત રહ્યું છે. રાજકોટ-જામનગરમાં ફરી ઠંડીમાં વધારો થયો છે. આજે પૂરા રાજયમાં સૌરાષ્ટ્રનું અમરેલી સૌથી ઠંડુ શહેર બન્યું છે અને તાપમાનનો પારો કચ્છ કરતા પણ નીચો ૮.૨ ડિગ્રી થઇ ગયો હતો. બીજી તરફ રોજ સૌથી વધુ ઠંડી અનુભવતા નલીયા કરતા પણ આજે રાજકોટમાં પારો ગગડીને ૯.૪ ડીગ્રી પર સ્થિર થયો છે. મકરસંક્રાંતિ બાદ પણ ઠંડી ઓછું થવાનું નામ લેતી નથી. આજે તો દરિયા કાંઠાના વિસ્તારોમાં પણ તાપમાનનો પારો ગગડયાનું લાગતું હતું અને વેરાવળ, પોરબંદર, દ્વારકા જેવા શહેરોમાં પણ લોકોને સારી એવી ઠંડીનો અનુભવ થયો હતો. હજુ ચાલુ સપ્તાહ ઠંડીનું જોર ચાલુ રહે તેવા સંકેત હવામાન વિભાગે આપ્યા છે.

નલીયામાં આજે ૯.૬ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. તેનાથી નીચુ તાપમાન ૯.૪ ડીગ્રી રાજકોટમાં હતું. આ સિવાય ભુજમાં ૧૧.૨, જામનગરમાં ૧૩.૮, ભાવનગર ૧૩.૭, દ્વારકા ૧૫.૭, વેરાવળમાં ૧૪.૩ ડીગ્રી તાપમાન હતું. રાજયમાં આજે સૌથી નીચો પારો અમરેલીમાં ૮.૨ ડીગ્રી હતો. તે દરિયાકાંઠાના પોરબંદરમાં પણ ૧૦.૮ ડીગ્રી તાપમાન હતું. ગોહિલવાડમાં ઠંડીનું પ્રમાણ ફરી વધ્યું છે. લઘુતમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થતાં ફરી ઠંડીનું જોર વધ્યું છે .આજે ભાવનગર શહેરનું લઘુત્તમ તાપમાન ઘટીને ૧૩.૭ ડીગ્રી નોંધાયું હતુ .આજે સવારે વાતાવરણમાં ભેદ નું પ્રમાણ ૬૯% રહ્યું હતુ જ્યારે પવનની ઝડપ ૧૪ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. જામનગરમાં મકરસંકાતીના પર્વ ઉપર ઠંડીનું મોજું ફરી વળ્યા પછી આજે પણ સતત ત્રીજા દિવસે પણ ઠંડીનું જળવાઈ રહલી હતી અને તીવ્રઠારથી દિવસભર ટાઢોડા થી જનજીવન પ્રભાવિત થયું હતુ

જામનગર શહેરમાં આજે લઘુત્તમ તાપમાન નો પારો ૧૩.૮ ડિગ્રી પહોંચ્યો હતો. જ્યારે ભેજમાં ૧૧ ટકાના ઘટાડા સાથે ૭૦ ટકા રહ્યુ હતુ. જો કે પવનની ગતિ માં આજે ચાર



કિલોમીટરનો ઘટાડો નોંધાયો હતો આમ છતાં ઠંડીને લીધે જનજીવન પ્રભાવિત થયું હતું.જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું છે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા રહ્યું હતું જ્યારે પવનની ગતિ કલાક ૩.૪ કિલોમીટરની નોંધાય છે. શહેરમાં તીવ્ર ઠારના કારણે રાજમાર્ગો અને ખાણ-પાણીની બજારોમાં લોકોની હાજરી ઓછી જોવા મળી હતી અને કાતિલ ઠંડીના કારણે લોકો ઘરમાં પુરાવાનું જ પસંદ કર્યું હતું.

# ઈસરોનો અવકાશમાં નવો કિર્તિમાન : સ્પેસ ડોકીંગમાં સફળતા


## તા.૩૦ ડિસેમ્બરે અવકાશમાં એક જ સાથે ૨૦ કી.મી.ના અંતરે તરતા મૂકેલા બે ઉપગ્રહોને એક જ ભ્રમણકક્ષામાં લાવી બાદમાં જોડી દીધા : વિજપ્રવાહની આપ - લે થઈ

**મુખ્ય સમાચાર,શ્રી હરિકોટ્ટા**

ભારતને અવકાશ સંશોધનમાં એક બાદ એક નવી સફળતા અપાવી રહેલા ઈન્ડીયન સ્પેસ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ- ઈસરોએ હવે આગામી સમયના ચંદ્રયાન-૪થી ગગનયાન સહિતના મિશન માટે મહત્વના ‘સ્પેડેક્સ’ મીશનમાં જબરી સફળતા મેળવી છે. આ સિદ્ધિ મેળવનાર ભારત એ અમેરિકા-રશિયા-ચીન પછી ચોથુ રાષ્ટ્ર બન્યુ છે. સેટેલાઈટ ડોકીંગ પ્રક્રિયા એ અત્યંત જટીલ અવકાશી સાહસ છે.

સેટેલાઈટ ડોકીંગ એ ઝડપથી ગતિ કરતા બે અંતરીક્ષ વાતો (સ્પેસ ડ્રાફટ)ને એક જ કક્ષામાં લાવવાની પ્રક્રિયા છે. જે બન્ને ધીમે ધીમે પાસે આવે છે અને અંતે બન્ને એક બીજા સાથે જોડાઈ જાય છે. અનેક અંતરિક્ષ મિશન પુરા કરવા આ પ્રકારની સફળતા મેળવવી જરૂરી છે.

ભારતના બે ઉપગ્રહોને એક જ ભ્રમણકક્ષામાં લાવ્યા બાદ પહેલા બન્નેને ૧૫ મીટર બાદમાં ૩ મીટરના અંતરે નજીક નજીક લવાયા હતા અને અંતે બન્ને એકબીજા સાથે જોડાઈ ગયા હતા. આ અંગેની વિડીયો પણ ટુંક સમયમાં જાહેર કરાશે. અગાઉ તા.૭ અને ૯ જાન્યુ.ના બે વખત આ ડોકીંગ કામગીરીમાં સમસ્યાઓ ઉભી થઈ હતી. બન્ને સેટેલાઈટ તા.૩૦ ડીસેમ્બરે લોન્ચ કરાયા હતા. ગઈકાલે ફરી આ પ્રયાસ શરૂ કરાયો જે સફળ રહ્યો છે. ઈસરોના નવા વડા તરીકે વી.નારાયણમૂર્તિની નિયુક્તિના ૪૮ કલાકમાં જ આ સફળતા મળી છે. ચંદ્રયાન-૪ જે ભવિષ્યમાં રવાના થવાનુ છે તેને ચંદ્ર પર સેમ્પલ



લઈને ભારત પરત લાવવાનો કાર્યક્રમ છે. જેમાં ચંદ્ર પર ઉતારનાર યાનને પરત લાવવા માટે ચંદ્રની આસપાસ ફરતા મુખ્ય યાન સાથે તે જોડાય તે પ્રક્રિયા થશે અને ભવિષ્યમાં ચંદ્ર પર માનવ ઉતરાણમાં પણ આ પ્રક્રિયા મહત્વની બની જશે. ઈસરોએ અગાઉ એસડીએકસ ૦૧, અને એસડીએકસ ૦૨ એમ બે ઉપગ્રહ લોન્ચ કર્યા હતા અને બન્ને વચ્ચે ૨૦ કી.મી.નું અંતર રાખ્યુ હતું અને બાદમાં તેમને તબકકાવાર નજીક લાવવામાં આવ્યા હતા અને બાદમાં આખરી ડોકીંગ કરાયુ હતું. ડોકીંગ બાદ બન્ને ઉપગ્રહ વચ્ચે ઈલેકટ્રીક વાદની સપ્લાય કરવામાં આવી હતી અને બાદમાં તેને અનડોક કરવાની પ્રક્રિયા કરવામાં આવી હતી.


# અદાણી ગ્રુપને નિશાન બનાવી શેરબજારને હચમચાવી દેનાર અમેરિકી કંપની હીડનબર્ગ બંધ થઈ

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

ભારત સહિત અનેક દેશોમાં કોર્પોરેટ-ટાર્ગેટ અને શેરબજારમાં શોર્ટ સેલીંગની એક સમયે જાણીતી બન્યા બાદ ભારતમાં ખાસ કરીને અદાણી ગ્રુપને નિશાન બનાવી શેરબજાર અને નાના ઈન્વેસ્ટરને પણ હચમચાવી દેનાર અમેરિકી કંપની હીડનબર્ગ બંધ થઈ ગઈ છે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલને એક મુલાકાતમાં હીડનબર્ગના સ્થાપક, સંચાલક નથાન એન્ડરસને કંપનીને બંધ કરવા પાછળ તેના વ્યક્તિગત કારણો જવાબદાર ગણાવ્યા હતા અને કહ્યુ કે હવે હું મારા શોખ પુરા કરવા, મારા મંગેતર અને અમારા બાળકો સાથે દુનિયા જોવા માંગું છું. તેણે દાવો કર્યો કે ભવિષ્ય માટે તેણે પુરતા નાણા કમાયા છે અને તેના આ નાણા હવે ઈન્ડેકસ ફંડ અને અન્ય જોખમી શ્રેણીમાં રોકાણ કરીને તેમાંથી કમાણી કરશે તેની કંપનીના જે સાથીઓ છે તેને આગળ વધવા તે મદદ કરશે અને અન્ય લોકો જે હવે સ્વતંત્ર એજન્ટ છે અને તેઓ અન્ય સાથે જોડાઈ શકે છે તેઓ તમામ પ્રભાવશાળી છે અને જેઓ તેને રાખવા માંગતા હોય તેઓ મારો સંપર્ક કરી શકે છે.

તેમણે કહ્યું કે, ગત વર્ષ જ તેના પરિવાર-મિત્રો અને તેની ટીમ સાથે આ વિચારની ચર્ચા કરી હતી અને પછી મે હીડનબર્ગ બંધ કરવા નિર્ણય લીધો છે અને અમોએ નકકી કર્યુ હતું કે અમો જે વિચારો સાથે કામ કરતા હતા તે પુરા થયા બાદ કંપની બંધ કરી દેશું. હીડનબર્ગના પાટીયા પાડવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે. જયારે અમેરિકામાં હવે ટ્રમ્પ શાસન આવી રહ્યુ છે અને




અદાણી-ટ્રમ્પના સંબંધો પણ ચર્ચામાં છે. ૨૦૨૩માં હીડનબર્ગ ભારતમાં જાણીતુ બન્યુ જયારે આ શોર્ટ સેલીંગ ફર્મ દેશના ટોચના ઉદ્યોગપતિ અને અદાણી ગ્રુપના સ્થાપક ગૌતમ અદાણી અને પુરા ગ્રુપ સામે કોર્પોરેટ ફ્રોડનો આરોપ મુકીને તેના વિદેશમાં બોગસ-કંપનીઓમાં રોકાણ, આયાત, નિકાસમાં અન્ડર ઓવર બિલીંગ સહિતના આરોપો મુકી ભારતીય શેરબજારમાં કડાકા સર્જી અદાણી ગ્રુપના શેરોનું ધોવાણ કરી દીધુ હતું.

ગૌતમ અદાણીની વ્યક્તિગત સંપતિ પણ ધોવાઈ ગઈ હતી. બે-બે વખત અદાણી ગ્રુપ અને તે સાથે સિકયોરિટી એકસચેંજ બોર્ડ ફોર ઈન્ડીયા અને તેના વડા માધવીપુરી બુચને પણ ટાર્ગેટ કરી તેની સામે અનેક પ્રશ્નો ઉભા કર્યા હતા અને તે મુદે તપાસ પણ થઈ હતી તો બે-બે વખતના આ પ્રકારના વિવાદ બાદ અદાણી ગ્રુપ ફરી તેની ઉંચાઈએ પહોંચી ગયું છે.

# કાર ગુલાંટ મારી ખાડામાં ખાબકી, પતરાં ચીરીને લાશો કાઢી

## ધ્રોલ પાસે નાસ્તો કરવા ગયેલા પાંચ મિત્રોએ પુરપાટ સ્પીડે કાર દોડાવી, રાજકોટ-જામનગરના ત્રણનાં મોત, બે ગંભીર

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામ નજીક આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી, જેમાં કારમાં સવાર પાંચ વ્યક્તિઓમાંથી ત્રણના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. જ્યારે બે લોકોને અતિગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ ગંભીર અકસ્માત અંગે મળતી માહિતી મુજબ જામનગર અને રાજકોટના પાંચ મિત્રો જીજે-૩૬-અઈ-૪૯૫૭ નંબરની એક વરના કાર લઈને લતીપર ખાતે એક લગ્ન સમારંભમાં આવ્યા હતાં. જ્યાં રાત્રે દાંડિયા રાસનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નાસ્તો કરવા ગયા હતા. નાસ્તો કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે ગોકુળપુર નજીક કારચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતાં આ કાર ગુલાંટ મારીને રોડની સાઈડમાં ખાડામાં ખાબકી હતી.

કાર ખાડામાં ખાબકતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા જેમણે પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં તુરંત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં રૂષિભાઈ મુકેશભાઈ ચભાડિયા (રાજકોટ), ધર્મેન્દ્રસિંહ રામદેવસિંહ ઝાલા (રહે. શિવનગર શેરી નં. ૪, શંકરટેકરી ઉદ્યોગનગર પાસે, જામનગર) અને વિવેકભાઈ દિનેશભાઈ




પરમાર ( રહે. શ્રીજી હોલ પાસે, જામનગર)ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય બે લોકો ઘાયલ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં કાર અનિયંત્રિત થઈને પલટી જવાથી આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કારનું પડીકું વળી ગયું હતું. મૃતદેહોને બહાર કાઢવા કારનાં પતરાં ચીરવાં પડ્યાં હતાં. આ અકસ્માતમાં મોતને ભેટેલો જામનગરનો વિવેક પરમાર શહેરના મહાવીર પાક વિસ્તાર શ્રીજી હોલ પાસે રહેતો હતો. જે કોલેજ પૂરી કર્યા બાદ સીએનસી મશીનમાં નોકરી કરતો હતો. જ્યારે સમગ્ર ઘટનાની જાણ પરિવારને થતા પરિવારમાં શોકનું મોજુ છવાઈ ગયું છે. જ્યારે અકસ્માતમાં કાળને ભેટેલો ૧૯ વર્ષીય રૂષિ મુકેશભાઈ ચભાડીયા રાજકોટની મારવાડી કોલેજમાં અભ્યાસ કરતો હતો.

# ન્યારામાં યુવકને અમારી પાસે પૈસા માગો છો, તેવી ગામમાં કેમ વાતો કરો છો, તેમ કહી હુમલો

- કારમાં તોડફોડ કરી ખૂનની ધમકી આપનાર ત્રિપુટી સામે પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પડધરીના ન્યારા ગામે ઉધારી નાણાની માંગણી કરતા ત્રણ શખ્સોએ પઅમારી પાસે પૈસા માંગો છો તેવી ગામાં કેમ વાતો કરો છો કહી કરીયાણાની દુકાન ધરાવતા બંધુ ઉપર ધોકા- પાઈપથી હુમલો કરી કારમાં તોડફોડ કર્યાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ન્યારા ગામે રહેતા અરવિંદભાઈ કેશુભાઈ વઘેરા (ઉ.વ.૩૦) નામના યુવાને પડધરી પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં



આરોપી તરીકે ગામમાં રહેતા જગદીશ દુદાભાઈ મકવાણા, મિહીર કાંતીભાઈ મકવાણા અને જીતુભાઈ સોમાભાઈ મકવાણાના નામ આપ્યા છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ તેમની કરીયાણાની દુકાનેથી ઉધારમાં વસ્તુ લેતા હોય જમા રૂ.૫૦ હજાર દેતા ન હોવાથી એક વર્ષ પહેલા માથાકુટ થઈ હતી જો કે તે સમયે સમાધાન થઈ જતા ફરીયાદ કરી ન હતી. દરમિયાન ગઈકાલે ફરીયાદી અને તેના ભાઈ લાલજીભાઈ પોતાની બજરંગ પ્રોવિઝન સ્ટોર પાસે હતા ત્યારે આરોપીઓ ધોકા-પાઈપ સાથે ધસી આવી પતમો અમારી પાસે પૈસા માંગો છો તેવી ગામમાં કેમ વાતો કરો છો કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ધોકા- પાઈપથી હુમલો કર્યો હતો અને દુકાન સામે પડેલી ફરીયાદીની કારમાં પણ ધોકા-પાઈપ ફટકારી તોડફોડ કરી હતી.

આ હુમલામાં ફરીયાદીને ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. આ અંગે પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી મનપા દ્વારા ગેરકાયદે બાંધકામો હટાવાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી નગરપાલિકા મહાનગરપાલિકા બન્યા બાદ પહેલી વખત મોરબી મનપા દ્વારા ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાંઆવી હતી.

મનપાએ જેસીબી સહિતની સાધન સામગ્રી લઈને મોરબીના શનાળા રોડ ઉપર સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુથી ઉમિયા સર્કલ સુધીના વિશાળ માર્ગ ઉપરના કાચા પાકા ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. તેમજ આ રોડ ઉપર ટ્રાફિકને નડતરરૂપ ગેરકાયદે રેંકડી-કેબીનો, પાથરણાને હટાવી દીધા હતા. એકંદરે મનપાએ આ રોડ ઉપરના તમામ દબાણો દૂર કરીદીધા હતા.

મોરબી નગરપાલિકા તંત્ર હતું ત્યારે આ પાલિકા તંત્ર ત્રણથી ચાર વખત મોરબીના શનાળા રોડ ઉપર સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુથી ઉમિયા સર્કલ સુધીના દબાણો હટાવ્યા હતા. દબાણો હટાવ્યાના થોડા સમયમાં જ ફરીથી દબાણો થઈ જાય છે. કાયમી દબાણ મુક્ત રહે તે મારે કમિશનર સ્વપિનલ ખરે જણાવ્યું હતુ કે, તેઓ અગાઉ રાજકોટ મનપામાં ડે. કમિશનર હતા. ત્યારે ત્યાં દબાણો દૂર કરવાની જે પદ્ધતિ લાગુ કરાઈ હતી. તેવી જ પદ્ધતિ અહીં લાગુ કરશે.રાજકોટમાં વન વિક વન રોડ મુજબ એક અઠવાડિયા સુધી મનપા કાર્યવાહી કરતી હોય છે. તે અનુભવ મોરબીમાં મનપા કામે લગાડીને વન વિક વન રોડ મુજબ કામગીરી કરશે. કોર્પોરેશનના સ્વચ્છતા, રોશની, બાંધકામ વિભાગ સહિતના તમામ વિભાગોને સાથે રાખીને દબાણો, સફાઈ સહિતની બધી જ કામગીરી કરવામાં આવશે. ફરી દબાણ ન થાય એ માટે મોરબીના મુખ્ય ૨૪ રોડ ઉપર સતત સુપરવિઝન કરાશે.

વન વિક વન રોડની કામગીરી મુજબ એક રોડ એક અઠવાડિયા પૂરો



થાય એટલે બીજો રોડ શરૂ થઈ જશે અને ફરી શેડ્યુલ આવે તે મુજબ આ સતત ચક્ર ચાલુ જ રહેશે.શહેરમાં જે જે ગેરકાયદે બાંધકામો છે કે ચાલુ હોય તે તમામ બાંધકામો દૂર કરાશે તેવો તેમણે દાવો કર્યો છે.

મોરબીના લખધીરવાસ ચોકમાં દરજી સમાજની વાડીની બાજુમાં નરેન્દ્રભાઈ નામની માલિકીનું ગેરકાયદે બાંધકામ ચાલુ હોવાની અગાઉ ફરિયાદ ઉઠી હતી. આથી ગત તા.૩૧, ૧, ૨૪ના રોજ મોરબી નગરપાલિકાએ તપાસ કરીને આ બાંધકામ ગેરકાયદે હોવાનું ખુલતા નોટિસ પણ ફટકારી હતી. ત્યારબાદ હજુ સુધી તંત્ર દ્વારા બાંધકામ અટકાવવાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. આવા અનેક બાંધકામો છે. ત્યારે હવે મનપા છાતી ઠોકીને કહે છે કે, શહેરમાં એકપણ ગેરકાયદે બાંધકામો ચલાવી નહિ લેવાય ત્યારે શું મનપા રાજકીય હસ્તક્ષેપ વિના કામગીરી કરી શકશે ખરું ?

# સાયલા-ચોટીલા હાઈવે પર અગાઉના મનદુઃખને લઈ યુવાન પર હુમલો કરવા સાથે રૂ.૫.૧૪ લાખની લૂંટ ચલાવી

## હુમલાના વીડિયો વાઈરલઃ કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી ઘટના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદના હેબતપુર પાસે રહેતા રઘુભાઈ કાનાભાઈ માંગુડા જમીન લે વેચના વેપાર સાથે સંકળાયેલા છે. ગત તા.૧૨મીએ પોતાના મિત્રો સુરેશભાઈ, ઘનશ્યામભાઈ તથા જયેશભાઈ સાથે કાર લઈ રઘુભાઈ દ્વારકા મંદિરે દર્શન કરી રાત રોકાઈને બીજા દિવસે અમદાવાદ જવા નીકળ્યા હતા. સાંજે ચારેય મિત્રો સાથેની કાર ચોટીલાથી સાયલા તરફ આવી રહી હતી. તે સમયે આયા બોર્ડ અને ડોળિયા વચ્ચે પહોંચતા મોટો ટ્રાફિકજામ જોતા ગાડી રોડ પર રાખતા જ ઓચિંતા લાકડીઓ લઈ આવી ચડેલા મૂળી તાલુકાનાં ઉમરડા ગામના વેરસી શામળાભાઈ, ગોપાલ વેરસી, રણછોડ શામળાભાઈ પોતાની તેમજ ૪ અજાણ્યા ઈસમો કુંડળીઓ વાળી લાકડીઓ લઈ ધસી આવ્યા હતા અને કાર પર આડેધડ ઘા મારવા લાગ્યા હતા. આરોપીઓએ કારમાં બેસેલા રઘુભાઈને નીચે પાડી દેવા સાથે તેમના પર લાકડીઓ વડે તુટી પડતા યુવાનને ગંભીર ઈજાઓ થવા પામી હતી.રઘુભાઈની સાથે રહેલા મિત્રોને પણ લાકડીઓ આડી રાખી હુમલાખોરોએ ધમકાવી બાજુમાં ઊભા રાખી દીધા હતા અને માર મારવા સાથે રઘુભાઈએ ગળામાં પહેરેલા પેન્ડલ સહિતના સોનાના હાર જેની કિંમત રૂ. પાંચ લાખ તથા ખિસ્સામાં રાખેલા રૂ. ૧૪,૦૦૦ આંચકી હુમલા સાથે લૂંટની ઘટનાને અંજામ આપી આરોપીઓ નાસી છૂટયા હતા. હુમલાની ઘટના સમયે સર્જાયેલા ટ્રાફિક જામમાં ફસાયેલા વાહનોના લોકોમાંથી યુવાન પર આડેધડ ઘા મારતા જોવા છતાં કોઈ આરોપીઓ પાસે જવાની હિંમત નહોતા કરી શક્યા. સદર ઘટનાના વીડિયો લોકોએ મોબાઈલમાં ઉતારીને વાયરલ થતાં ખાખીની ધાક સામે પણ



અનેક સવાલો ઉઠવા પામ્યા છે. હુમલાની ઘટના બાદ ઈજાગ્રસ્ત રઘુભાઈને પ્રથમ સાયલા સરકારી હોસ્પિટલ ત્યારબાજ અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભોગ બનનાર રઘુભાઈ દ્વારા પોતાના પર થયેલ હુમલો અને લૂંટની ઘટના માટે ફરિયાદમાં લખાવ્યા પ્રમાણે બારેક વર્ષ પહેલા આરોપીઓ માલઢોર લઈ અમદાવાદ બાજુ ગયા હતા અને તે સમયે રઘુભાઈ ડેરી ચલાવતા હતા. જ્યાં દૂધ ભરવા બાબતે થયેલ મનદુઃખને કારણે આ હુમલો કરાયો હોવાનું જણાવ્યું હતું. ઘટના બાદ હરકતમાં આવેલ સાયલા પોલીસ દ્વારા વાયરલ વીડિયોમાં દેખાતા આરોપી શખ્સોને દબોચી લેવા વિવિધ ટીમને રવાના કરાઈ હતી. ત્યારે બનાવની તપાસ કરી રહેલ સાયલા પીએસઆઈ આર. જે. ગોહિલના જણાવ્યા મુજબ આગામી ટુંક સમયમાં આરોપીઓ ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે નો આશાવાદ વ્યક્ત કરાયો હતો.

# અલીયાબાડા બી.એડ. કોલેજ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



જામનગર , ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને જામનગર જીલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ -૨૦૨૫ અંતર્ગત વિવિધ જાગૃતતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં ગજ્જયુનિટ દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના ભાગરૂપે આર.ટી.ઓ. ઇન્સ્પેક્ટર શુભમભાઈ રૂપાણી અને વનરાજભાઈ વેગડા દ્વારા ભાવિ શિક્ષકોને માર્ગ સલામતી માટે ગુરુમંત્રની વાતો, વિડિઓના માધ્યમથી સુરક્ષા માટે મહત્વપૂર્ણ બાબતોની સમજૂતી આપવામાં આવી હતી. તેમજ તાલીમાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુથી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગજ્જના કોઓર્ડિનેટર ડો. જિજ્ઞેશભાઈ લિંબાચીયા દ્વારા સંસ્થાના આચાર્ય ડો. રૂપલબેન માંકડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# સિક્કામાં ૮ વર્ષની બાળકીની હત્યા કરનાર કૌટુંબિક મામા ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર સિક્કામાં ૮ વર્ષની બાળકીની હત્યા કરનાર કૌટુંબિક મામા ઝડપાયો.જામનગર તાલુકાના સિક્કા ગામમાં હૃદય હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. એક કૌટુંબિક મામાએ ૮ વર્ષની માસૂમ બાળકી સાથે અડપલાં કર્યા હતા. ત્યારે બાળકીએ વિરોધ કરતાં તેનું માથું દીવાલ સાથે અથડાવી હત્યા કરી નાખી હતી. જે મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.ઘટનાની વિગતો મુજબ, મૃતક બાળકીની માતાએ બે મહિના પહેલા પતિથી છૂટાછેડા લીધા બાદ પોતાની ત્રણ પુત્રીઓ સાથે સિક્કા ગામમાં કુટુંબના સભ્યને ત્યાં આશરો લીધો હતો. ૮ વર્ષની બાળકી વારંવાર કપડામાં લઘુશંકા કરી લેતી હતી, જે બાબત આરોપીને પસંદ ન હતી. તે બાળકી સાથે મારકૂટ અને અડપલાં કરતો હતો.બાળકીએ આ અંગે



માતાને જાણ કરતાં, માતાએ શખ્સને ઠપકો આપ્યો હતો. આ બાબતે ગુસ્સે થયેલા શખ્સે માતા-પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગઈકાલે માતા બજારમાં ખરીદી કરવા ગઈ ત્યારે, આરોપીએ ઘરે એકલી રહેલી બાળકી સાથે ફરી અડપલાં કર્યા. બાળકીએ વિરોધ કરતાં તેણે તેનું માથું દીવાલ સાથે અથડાવ્યું, જેના કારણે બાળકીનું મૃત્યુ થયું હતું.માતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે હત્યા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ સમક્ષ આરોપીને રજૂ કરવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# બગસરા પાસે રહેણાંક મકાનમાં પ્રેમી પંખીડાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## યુવક-યુવતીની સગાઈ અન્યત્ર થઈ જતા એક નહી થવાની બીકે ભર્યુ પગલુંઃ યુવક-યુવતીએ ત્રણ દિવસ પહેલા ગળાફાંસો ખાધો હોવાનું પ્રાથમિક તારણ

બગસરામાં ડાંગીયાપીર જવાના માર્ગ પર આવેલા એક બની રહેલા મકાનમાં બંનેની સગાઈ અન્યત્ર થઈ જતા સમાજ એક થવા નહીં દે તેની બીકે પ્રેમી પંખીડાએ ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બગસરામાં આવેલા ડાંગીયાપીર જવાના માર્ગ પર જીતેશભાઈ ઝાલાનું મકાન બની રહ્યુ હતુ જો કે ઘણા સમયથી આ મકાન બંધ હાલતમાં હોવાથી આ મકાનમાં બે દિવસ પહેલા કુંકાવાવ ગામે રહેતા કિશન બાવકુંભાઈ ચારોલીયા(ઉ.વ.૨૫) અને બગસરા ગામે રહેતી મિરલ ભાદાભાઈ વાઘેલા(ઉ.વ.૨૩) નામના યુવક- યુવતીએ મકાનમાં જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ યુવક-યુવતીની સગાઈ અન્યત્ર થઈ ગઈ હોવાથી હવે સમાજ એક થવા દેશે નહી જેથી બંનેએ સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લાશનો કબજો પોસ્ટમાર્ટમ માટે મોકલવામાં આવી હતી. લાશને જોતા બંનેએ ત્રણ દિવસ પૂર્વે આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ લાગી રહ્યુ છે. બંને તા.૧૦ના રોજ ઘરેથી નાસી ગયા હોવાનું પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતુ

# મહુડી ગામમાં છૂટાછેડા માટે જમાઈને ઘરે બોલાવી ગુપ્તાંગમાં પાટા માર્યા

## લમણે બંદૂક મૂકી કહ્યુ પૈસા ન હોય તો મિલકત નામે કરી દે નહિતર આટલી વાર લાગશે

પેડક રોડ ઉપર આવેલ ગાંધી સ્મૃતિ સોસાયટીમાં રહેતા અને વાવડી કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ઉતમ રમેશભાઈ ભાખરએ મવડી રામધણ પાસે રહેતા સસરા દામજીભાઈ હૂમર, તેના મિત્ર વિનુભાઈ સખિયા, પત્ની ધારાબેન, બે સાળા મોહિત અને પંકજ સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે લગ્ન ડિસેમ્બર ૨૦૨૩માં થયા છે મનમેળ નહીં થતાં પત્ની છ મહિનાથી માવતરે જતી રહી છે ગઈ ૧૦ તારીખે હું ફેક્ટરીએ કામ ઉપર હતો ત્યારે સસરાએ ફોન કરી છૂટાછેડાની વાત કરવી છે તમે ઘરે આવો છો કે હું કારખાને આવું તેમ વાત કરતાં હું બાઈક લઈને સસરાના ઘરે ગયો ત્યારે ઉપરોક્ત પાંચેય ઘરમાં હતા બંને સાળાએ છૂટાછેડા માટે પૈસાની માંગણી કરતાં મારી પાસે હાલ પૈસા ન હોય સમય માંગતા બંને મારકૂટ કરવા લાગ્યા હતા અને ગુપ્તાંગના ભાગે પાટા માર્યા હતા હું ભાગવા જતાં પત્નીએ માથામાં ફલદાની મારી દીધી હતી સસરાએ ફરી પકડી મારકૂટ કરી હતી અને તેના મિત્રએ લમણે બંદૂક મૂકી છૂટાછેડા માટે પૈસા ન હોય તો એકાદ મિલકત ધારાના નામે કરી દે નહિતર આટલી જ વાર લાગશે તેમ કહી ધમકી આપી હતી જેથી હું ભાગીને નીકળી ગયો હતો અને પિતાને ફોન કરી હોસ્પિટલમાં દાખલ થઈ ફરિયાદ નોંધાવી હતી.

# ઉનાના અહેમદપુર માંડવી બીચ પર હવે જિલ્લાના કલેક્ટર દિગ્વિ જયસિંહ જાડેજાની દીર્ઘદ્રષ્ટિ તેમજ દૂરદર્શિતાના કારણે ગુજરાત ટુરીઝમને પ્રવાસનને વેગ મળશે

- ૨૪થી ૨૬ જાન્યુઆરીના રોજ અહેમદપુર માંડવી બીચ ઉપર બીચ ફેસ્ટિવલનું અનોખું આયોજન

**મુખ્યસમાચાર ઊના :- અબ્દુલ પઠાણ**

ઉનાના અહેમદપુર માંડવી બીચ પર આજે ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા સાહેબ ના દીર્ઘદ્રષ્ટિ તેમજ દૂરદર્શિતાના અને તેમની ટીમ દ્વારા ગુજરાત ટુરીઝમ ને પ્રવાસનને વેગ મળી રહે તે માટે થઈ અને સહેલાણીઓમાં અને દેશ વિદેશના ટુરિસ્ટોમાં વધારો થાય તે માટે થઈ પરિવર્તન તેમજ પ્રકૃતિના લાભાર્થે ઉના તાલુકાના અહેમદપુર માંડવી બીચ જે તદ્દન કેન્દ્રશાસિત પ્રદેશ દીવની નજીક



આવેલો હોય જેથી આ દરિયાકિનારે ને ઘોઘલા દીવ વિસ્તાર તરીકે ઓળખાતો હતો પરંતુ કલેક્ટર દ્વારા સરપ્રાઈઝ વીઝીટીંગ કરતા આ દરિયા કિનારાને અનુભવ કરી અલગ અલગ દુર્લભ અને પ્રકૃતિથી ભરપૂર કોરલ દરિયાઈ જીવ સૃષ્ટિ તેમજ મેડીટેશન કરવા માટે થઈને ગુપ્ત સ્થાનોની મુલાકાત લઈ હવે આ દરિયા કિનારા ઉપર આવનાર તારીખ ૨૪ ૨૫ ૨૬ જાન્યુઆરીના રોજ અહેમદપુર માંડવી બીચ ઉપર બીચ ફેસ્ટિવલનું અનોખું આયોજન કરવામાં આવેલું છે જેની પૂરજોશમાં તૈયારી કરવામાં આવી રહેલી છે.

# નો ડ્રગ્સ અભિયાન હેઠળ ૧૦ સાયકલ સવારો મોરબી પહોંચ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

ઈનવિન્સિબલ એનજીઓ દ્વારા ડ્રગ્સના ખતરાની ગંભીરતાને ઉજાગર કરવા પનો ડ્રગ્સથ અભિયાન હાથ ધરાયું છે. જે અંતર્ગત ૧૦ સાયકલ સવારો ૧૪૦૦ કિલોમીટરની લાંબી સફર ઉપર નીકળ્યા છે. ત્યારે આ એનજીઓના ૧૦ સાયકલ સવારો મોરબીમાં રેલી અંતર્ગત શાળા-કોલેજો સુધી આ સંદેશ પહોંચાડી લોકોમાં જાગૃતતા લાવવા પ્રયાસો હાથ ધરશે.

ઈનવિન્સિબલ એનજીઓ દ્વારા ગુજરાતના દરિયા કાંઠાના વિસ્તારોમાં ડ્રગ્સના ખતરાની જાગૃતિ ફેલાવવા ખાસ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત ૧૦ સાયકલ સવારો દ્વારા ૧૪૦૦ કિલોમીટરની સાહસિક યાત્રા નારાયણ સરોવરથી દમણ સુધી કરાઈ રહી છે. આ યાત્રાનું મુખ્ય હેતુ છે, ડ્રગ્સના માદક પદાર્થોથી થતી હાનિ અંગે ખાસ કરીને યુવાઓ અને બાળકોને જાગૃત કરવા પનો ડ્રગ્સથ અભિયાન હેઠળ આજરોજ આ સાયકલ સવારો મોરબીમાં પહોંચ્યા હતા. આ અભિયાનના ભાગરૂપે શહેરની વિવિધ શાળા, કોલેજો અને ફેક્ટરીઓમાં જઈને યુવાધનને ડ્રગ્સ સેવનના ખતરાઓ અંગે સમજાવવામાં આવશે.

આ તકે ઈનવિન્સિબલ એનજીઓના એકટિવિસ્ટ કૃણાલ પટેલ અને નિપુનભાઈએ જણાવ્યું કે પંજાબ અને હરિયાણામાં જે રીતે ડ્રગ્સની સમસ્યા વધુ ઘેરી બની રહી છે, તે જોતા ગુજરાતમાં આ મુશ્કેલી ન વકરે તે માટે પ્રચાર અત્યંત આવશ્યક છે.

દરિયાઈ વિસ્તારમાં આવેલા નારાયણ સરોવરથી દમણ સુધીના મોટા શહેરોમાં લોકોને ડ્રગ્સના ખતરાની ગંભીરતા સમજાવવાના ઉદ્દેશ્ય સાથે આ અભિયાન હાથ ધરાયું છે તેમ તેઓએ જણાવ્યું હતું.

# મોરબીમાં દબાણ હટાવની કામગીરી નિષ્પક્ષ રાખવા મનપા કમિશ્નરને લેખિત રજુઆત કરાઈ



ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશનના ગુજરાત પ્રદેશ જનરલ સેક્રેટરી કાંતિલાલ બાવરવાએ મોરબી મહાનગરપાલિકા કમિશનરને દબાણ હટાવ કામગીરી નિષ્પક્ષ રીતે કરવી અને રેકડીવાળાઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાની જોગવાઈ તથા અન્ય દબાણ હટાવવા અંગે ધ્યાન દોરી લેખિત રજુઆત કરી છે. ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશનના ગુજરાત પ્રદેશ જનરલ સેક્રેટરી કાંતિલાલ ડી. બાવરવાએ મોરબી મહાનગરપાલિકા કમિશનર સ્વપનીલ ખરેને મોરબી શહેરમાં દબાણ હટાવ કામગીરીની પ્રશંસા સાથે નિષ્પક્ષ અભિગમ અપનાવવાની માંગ સાથે લેખિત રજુઆત કરી છે. કાંતિલાલ બાવરવાએ જણાવ્યું કે દબાણ હટાવ કામગીરી મોરબીના હિતમાં મહત્વની ગણાવી કમિશનરને આ કામગીરી માટે અભિનંદન આપવામાં આવ્યા છે સાથે જ તેમણે ન્યાયપૂર્ણ અભિગમ રાખીને દબાણ હટાવની કામગીરી કરવા જણાવ્યું છે. બીજું કે દબાણ હટાવતા નાના રેકડીવાળા-પાથરણાવાળા કે જે રોજનું રોજ પેટીયું રળતા હોય તેવા લોકો માટે વૈકલ્પિક જગ્યા તાત્કાલિક આપવા જેથી તે લોકોની રોજી રોટીને અસર ના થાય. આ સિવાય સ્કાય મોલની સામે ફટપાથ ઉપર તેમજ રોડ ઉપર વાહનો પાર્ક કરેલ હોય છે. જેના કારણે રસ્તે આવતા જતા લોકોને ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો આવા લોકો સામે કડક હાથે કામ લેવાની માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે. અંતમાં કાંતિલાલ બાવરવાએ મોરબી શહેરને ફરીથી પેરિસની ઓળખ આપવાના લોકોના આશાવાદ સાથે, તમામ કામગીરી ન્યાય અને નિષ્પક્ષ રીતે થાય તેવા પ્રયાસ કરવા અનુરોધ કર્યો છે.

# રાજકોટ શહેર કક્ષાની ફુટબોલ સ્પર્ધા પૂર્ણ



પ્રથમ ક્રમાંકે સેન્ટપોલ સ્કૂલ, દ્વિતીય ક્રમાંકે સન સાઈન સ્કૂલ અને ત્રીજા ક્રમાંકે કડવીબાઈ વિરાણી સ્કૂલની ટીમ વિજેતા ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજકોટ શહેર કક્ષાના અંડર ૧૪ બહેનો માટેની ફટબોલ સ્પર્ધા પૂર્ણ થઈ હતી. જેમા પ્રથમ ક્રમાંકે સેન્ટપોલ સ્કૂલ, દ્વિતીય ક્રમાંકે સન સાઈન સ્કૂલ અને ત્રીજા ક્રમાંકે કડવીબાઈ વિરાણી સ્કૂલની ટીમ વિજેતા થઈ હતી. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ખેલ મહાકુંભ યોજવામા આવે છે, જેનો હેતુ રાજ્યના રમતવીરોને પ્રોત્સાહિત કરવા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું નામ રોશન થાય તે માટે ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ, કોલેજના યુવાનો સહિત મોટી ઉંમરના વડીલોએ પણ રજીસ્ટ્રેશન કરાવી ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. ત્યારે રાજકોટ શહેર કક્ષાના અંડર ૧૪ની બહેનોની ફટબોલ સ્પર્ધા પૂર્ણ થઈ હતી. જેમા વિજેતા ટીમને સન્માનિત કરવાની સાથે તમામ ટીમને પ્રોત્સાહિત કરાયા હતા.

### જન-જનનું રાખો ધ્યાન, ક્ષયમુક્ત ભારત અભિયાન

# ૧૦૦ દિવસની સઘન ક્ષય નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત ૩૬ દિવસમાં ટી.બી.ના ૭૧ કેસો ડિટેક્ટ થયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ક્ષય રોગ એ ચેપી રોગ છે, જે માઈકોબેક્ટેરીયમ ટ્યુબરક્યુલોસીસ બેક્ટેરિયાને કારણે થાય છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર ભારતને ક્ષયમુક્ત બનાવવાના નિર્ધારને સાકાર કરવાના આશયથી કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૦૦ દિવસની સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશનો આરંભ ગત તા. ૭ ડિસેમ્બરથી કરાયો છે.

રાજકોટ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. આર. આર. ફુલમાલીના માર્ગદર્શન તળે સમગ્ર આરોગ્ય તંત્ર આ ઝુંબેશને સફળ બનાવવા મિશન મોડમાં કાર્યરત છે. આ અભિયાન હેઠળ રાજકોટ જિલ્લામાં ગત તા. ૧૧ જાન્યુઆરી સુધી એટલે કે ૩૬ દિવસમાં ૫૬,૫૨૯ હાઈરિસ્ક વસ્તીનું સ્ક્રીનીંગ કરાયું હતું, જે પૈકી ૧૪,૫૮૭ લોકોના ફેફસાંનો એક્સ-રે કરાયો છે, જ્યારે ૨૯૧૪ લોકોના ગળફાંની તપાસ કરાઈ છે. જે પૈકી ૭૧ લોકોને ક્ષય હોવાનું નિદાન થયું છે.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો. ઘનશ્યામ મહેતા અનુરોધ કરે છે કે, સમયસર અને નિયમિત સારવારથી ટી.બી. ચોક્કસ મટી શકે છે. ક્ષયને જડમૂળથી નાબૂદ કરવા સરકાર તો અવિરત પ્રયાસો કરી રહી છે, આવશ્યકતા છે લોકભાગીદારીની. આથી, સેવાભાવી સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ દર્દીઓને પોષણ કીટ આપવા આગળ આવે. ઉદ્યોગપતિઓ ક્ષયના લક્ષણો ધરાવતા મજૂરોને આરોગ્ય તપાસ માટે નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલે. ઉપરાંત, ક્ષયનું નિદાન અને સારવાર ક્ષય નિવારણ કેન્દ્રોમાં તદ્દન વિનામૂલ્યે થાય છે. તો લોકો ક્ષયના લક્ષણો જણાય તો ખચકાટ વિના તુરંત આરોગ્ય તપાસ કરાવે તે જરૂરી છે.

કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ક્ષયમુક્ત ભારત અભિયાન અંતર્ગત પનિક્ષય પોષણ સહાય યોજનાથ હેઠળ પોષણયુક્ત આહાર લેવા માટે દર્દીઓને સારવાર દરમિયાન માસિક રૂ. ૫૦૦ની સહાય અપાતી હતી, ગત નવેમ્બર, ૨૦૨૪થી આર્થિક સહાય રૂ. ૧,૦૦૦ એટલે કે બમણી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન દાતાઓના સહયોગથી કઠોળ, અનાજ, દાળ, દૂધ સહીતના પોષણક્ષમ પદાર્થોની ૩,૯૭૬ કીટનું વિતરણ કરાયું છે. તેમજ વર્ષ ૨૦૨૩માં ૧૩૫ ગામો ક્ષયમુક્ત જાહેર થયા છે, જેને જિલ્લા આરોગ્ય તંત્રની સિદ્ધિ કહી શકાય.

પ્રધાનમંત્રી ક્ષયમુક્ત ભારત અભિયાન હેઠળ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ દિવસની સઘન ક્ષય નિર્મૂલન ઝુંબેશ કાર્યરત છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ટી.બી.ના નવા દર્દીઓ ઝડપથી શોધી, તેમને સારવાર આપી, જાહેર આરોગ્યમાં સુધારો લાવવાનો છે. સાથેસાથે ટી.બી.ના દર્દીઓને રોગમુક્ત કરીને ટી.બી.થી થતા મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો લાવવાનો છે. આ ઝુંબેશ દરમિયાન હાઈરીસ્ક ગ્રુપ જેવા કે ટી.બી.ના જૂના દર્દીઓ, ક્ષયના દર્દી સાથે રહેતા લોકો, ડાયાબીટીસના દર્દીઓ, કુપોષિતો, એચ.આઈ.વી./એઈડ્સના દર્દીઓ, ૬૦ વર્ષથી વધુ વયના લોકો, ધ્રુમપાન અને દારૂનું વ્યસન ધરાવતા લોકોમાંથી ટી.બી.ના



દર્દીઓ શોધી, યોગ્ય સારવાર અને પોષણયુક્ત આહાર આપવાની કામગીરી કરાઈ રહી છે.

આ અભિયાનની વિશેષતા એ છે કે, ઝુંબેશ દરમિયાન ક્ષયના કેસો તો ડીટેકટ કરવામાં આવે જ છે. સાથેસાથે એવા શંકાસ્પદ દર્દીઓને પણ શોધવામાં આવી રહ્યાં છે, જેને બેક્ટેરિયાનું ઈન્ફેકશન લાગી ગયું છે, પરંતુ હજુ સુધી ક્ષયનો રોગ લાગુ થયો નથી. આવા દર્દીઓનો સી.વાય.ટી.બી. ટેસ્ટ કરીને ત્રણ મહિનાની સારવાર નિઃશુલ્ક અપાય છે. આમ, ક્ષય નાબુદી અર્થે ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચની પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહ્યું છે.

# ૧૦૮ની કામગીરીને બિરદાવતા પોલીસ કમિશનર-૧૦૮ ના કર્મીઓનું સન્માન કરાયું






રાજકોટ શહેર પોલીસ અને જ્યોતિ સી.એન.સી. ચેલેન્જ કપ દ્વારા આયોજિત ૧૩મી ઓપન ગુજરાત ડે-નાઈટ ફુટબોલ ટુના.યોજાઇ

**રાજકોટ શહેર પોલીસ અને જ્યોતિ સી.એન.સી. ચેલેન્જ કપ દ્વારા આયોજિત ૧૩મી ઓપન ગુજરાત ડે-નાઈટ ફટબોલ ટુર્નામેન્ટ રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે પોલીસ કમિશનર શ્રી બ્રજેશ ઝા, સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનર શ્રીની ઉપસ્થિતિમાં આયોજિત એવોર્ડ સેરેમની પ્રસંગે ૧૦૮ ટીમ દ્વારા ત્વરિત પ્રતિભાવ અને પ્રી-હોસ્પિટલ સંભાળ (સારવાર) નું નિદર્શન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ ૧૦૮ ના ઉત્કૃષ્ટ પ્રદર્શન કામગીરીની સરાહના કરી હતી. મહાનુભાવોના હસ્તે ૧૦૮ ના કર્મીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.**

# અયોધ્યામાં રામ જન્મભૂમિનાં દર્શને જસદણના અગ્રણી અશોકભાઈ ચાવ

## અશોકભાઈ સહિતનાના યાત્રિકોએ પીઠાધિશ્વર કમલનયનદાસ, રામ જન્મભૂમિના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલદાસજીનાં આશીર્વાદ મેળવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાકુંભ મેળા અને કાશી યાત્રા પૂર્ણ કર્યા બાદ સાત મોક્ષદાયની નગરીઓમાની એક એટલે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામની જન્મભૂમિ અયોધ્યા. આ પવિત્ર નગરીમાં પજય શ્રી રામથના નારા સાથે શ્રીરામની જન્મભૂમિ મંદિરમાં જસદણથી રાજગોર સમાજના ઉપપ્રમુખ અશોકભાઈ એમ ચાવ સહિતના આગેવાનોએ દર્શન કર્યા હતા.



તેઓએ શ્રી રામે જ્યાં જળ સમાધી લીધી તે પવિત્ર નદી સરયુમાં સ્નાન કર્યું. સરયુ નદીમાં નૌકા વિહાર પણ કર્યું. અહી અનેક સંતો મહંતો સાથે સત્સંગનો પણ લાભ મળ્યો. મહાકુંભ મેળાની જેમ અયોધ્યામાં પણ દેશ વિદેશમાંથી ભાવિકો ઉમટયા હતા. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ ઉપરાંતના પણ કેટલાક ધાર્મિક સ્થળોના દર્શન કર્યા હતા.

જેમાં રાજગોર જ્ઞાતિ અગ્રણી સુરેશભાઈ જોષી, હરેશભાઈ જોષી, અમરેલીથી હેલો સૌરાષ્ટ્ર ન્યુઝ અમરેલી જિલ્લા ચીફ રિપોર્ટર પંકજભાઈ મહેતાએ જોડાયા હતા.

# મનપા તંત્ર આક્રમકઃ કેનાલ રોડ પરની ૧૨ સહિત મિલ્કતને તાળા

## બપોર સુધીમાં ૩૯.૮૯ લાખની વસુલાતઃ વેરાની કુલ ૩૩૭.૬૦ કરોડની આવક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મ્યુનિ. કોર્પોરેશનની આવકનોસ્ત્રોત એવી વેરા શાખા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ નો બાકી મિલ્કત વેરો વસુલાતની કાર્યવાહી દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારમાં ૧૨ મિલ્કત સીલ કરવામાં આવી હતી. બપોર સુધીમાં ૩૯.૮૯ લાખની વસુલાત થવા પામી છે.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ મહાનગરપાલિકાનાં કમિશનર ની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી:

૮૦ ફૂટ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૮૦,૦૦૦/-, દૂધ સાગર રો પર આવેલ ૧-યુનિટ ની નોટીસ સામે રીકવરી રૂ.૨૯.૩૬ લાખ, સરદારનગર મેઈન રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૮.૨૫ લાખ, કેનાલ રોડ પર આવેલ નનાથજી કોમ્પ્લેક્ષથ ફર્સ્ટ ફ્લોર ઓફીસ નં-૧૧૦ ,, કેનાલ રોડ પર આવેલ નનાથજી કોમ્પ્લેક્ષથ ફર્સ્ટ ફ્લોર ઓફીસ નં-૧૦૯ , ઓફીસ નં-૧૦૮ , ઓફીસ નં-૧૦૬ , કેનાલ રોડ પર આવેલ ૧-યુનિટ, આશાપુરા મેઈન રોડ પર આવેલ નકુંજવનથ, સોનીબજાર માં આવેલ નરાધા કૃષ્ણ ચેમ્બરર્સથ ફર્સ્ટ ફ્લોર શોપ નં-૨ , યાજ્ઞિક રોડ પર આવેલ ૨-યુનિટ , ગોંડલ રોડ પર આવેલ નપ્રમુખ સ્વામી આર્કેટથ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૨૨ , યાજ્ઞિક રોડ પર આવેલ બિઝનેશ ટર્મિનલ થર્ડ ફ્લોર શોપ નં-૩૧૧ , યાજ્ઞિક રોડ પર આવેલ બિઝનેશ ટર્મિનલ થર્ડ ફ્લોર શોપ નં-૩૦૯ , સહિત ૧૨ મિલ્?કત સીલ કરી હતી.

કાલાવાડ રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૭૯,૮૭૫/- , ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧.૦૦ લાખ., બાલાજી પાર્કમાં આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૮૦,૧૯૪/-, લક્ષ્મીવાડી મેઈન રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨૫,૦૦૦/-, ભકિતનગર સર્કલ પાસે આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨.૫૦ લાખ, ઢેબર રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૧૩,૫૦૦/-, કેવડાવાડી રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૧.૩૬ લાખ થવા પામી હતી.

બપોર સુધીમાં રૂા. ૩૯.૮૯ લાખની વસુલાત થવા પામી છે, એપ્રિલ આજ દિન સુધીની રૂા. ૩૩૭.૬૦ કરોડની આવક થયા પામી છે.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજરે નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ

## સ્નાતક-અનુસ્નાતકના ૬૯,૨૩૪ વિદ્યાર્થીઓની ૧૬૨ કેન્દ્રો ઉપર પરીક્ષા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં સેમેસ્ટર-૧માં અભ્યાસ કરતા ૬૯,૨૩૪ વિદ્યાર્થીઓની ૧૬૨ કેન્દ્રો ઉપરથી પરીક્ષા આજથી શરૂ થઈ છે. જેમાં ધોરણ ૧૨ પાસ કરી કોલેજમાં પ્રથમ વખત પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનું કહેવું છે કે સરકારની નેશનલ એજ્યુકેશન પોલીસીમાં આપવામાં આવેલા વિષયોના વૈવિધ્યથી ભણવામાં રસ પડે છે. મૂળ અભ્યાસની સાથે ઈન્ડિયન નોલેજ સિસ્ટમના ભાગવત ગીતા, ભારતીય નારી રત્નો સહિતનાં વિષયોથી ધાર્મિક જ્ઞાન અને ભારતીયતાથી વાકેફ થવાની સાથે ડિગ્રી પણ મળે છે. ધોરણ ૧૨ કોમર્સમાં ઉચ્ચ ટકાવારી સાથે પાસ થતાં મોટાભાગના વિદ્યાર્થીઓનું સ્વપન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું છે. બીકોમ સેમેસ્ટર-૧ની પરીક્ષા આપતી વિદ્યાર્થિની ધારા રાધનપરાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ એજ્યુકેશન પોલિસી લાવવામાં આવી જે ખૂબ જ સારી બાબત છે. જેમાં મેજર અને માઈનોર વિષયો ઉપરાંત ઈન્ડિયન નોલેજ સિસ્ટમના વિષયો સહિતના ઓપ્શન આપવામાં આવેલા છે. જેમકે ભાગવત ગીતા, ભારતીય નારી રત્નો તથા માનવ અધિકારો અને મૂળભૂત ફરજો જેવા વિષયો અભ્યાસક્રમમાં ભણવાની તક મળે છે. જેથી વિદ્યાર્થીઓને ઘણા બધા વિષયોની પસંદગી મળે છે. ધોરણ ૧૨માં મારે ૯૫ ટકા આવેલા છે અને હવે બીકોમ બાદ ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાનું સ્વપન છે. અન્ય વિદ્યાર્થિની માનસી ગોહેલે જણાવ્યું હતું કે, ધોરણ ૧૨ કોમર્સ પૂર્ણ કર્યા બાદ પ્રથમ વખત કોલેજની પરીક્ષા આપી રહ્યા છીએ. થોડો કોન્ફિડન્સ અને થોડો ડર પણ છે. નેશનલ એજ્યુકેશન પોલીસી અંગે અમારી કોલેજમાં તમામ વિષયો અંગેની માહિતી આપવામાં આવી હતી. આજે ફાઈનાન્સિયલ એકાઉન્ટનું પ્રથમ પેપર છે. ગઊડમાં મેજર વિષયોમાં ફાઈનાન્સિયલ એકાઉન્ટ, બિઝનેસ એકાઉન્ટ છે. તો મેથેમેટિક્સ અને અંગ્રેજીમાં ઘણા બધા ઓપ્શન છે. બીકોમ બાદ ઈઅ કરવાનું સ્વપન છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૬૨ કેન્દ્રો પરથી બેચલર



અને માસ્ટર ડિગ્રીના સેમેસ્ટર-૧ના ૬૯,૨૩૪ વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ છે, જેમાં ૧૦૩ ઓબ્ઝર્વર ફરજ બજાવશે. બીએ સેમ. ૧માં સૌથી વધુ ૨૧,૯૧૩ તો બીકોમ સેમ. ૧માં ૧૯,૬૫૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૬મી જાન્યુઆરીથી સ્નાતક અને અનુસ્નાતકમાં અભ્યાસ કરતા સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ ચૂકી છે. ત્યારે આ વખતે મકરસંક્રાંતિમાં વિદ્યાર્થીઓએ પતંગ ઉડાડવાને બદલે પુસ્તક લઈને વાંચવું પડ્યું હતું. જેમાં એકસાથે ૬૯,૨૩૪ વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ છે. જેથી તેમાં નિગરાણી માટે ઓબ્ઝર્વરની નિમણૂક કરી દેવામાં આવી છે. દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર ઈઈઝટ તો છે જ પરંતુ તેમાં મોટાભાગે સેન્સેટિવ અને ગ્રામ્ય વિસ્તારના ૧૬૨માંથી ૧૦૩ પરીક્ષા કેન્દ્રો ઉપર ઓબ્ઝર્વર મોનિટરિંગ કરશે. આ સાથે જ દરેક ક્લાસમાં સુપરવાઈઝર પણ ફરજ બજાવશે.

# સરગમ ક્લબ દ્વારા તા. ૧૩ને સોમવારના રોજ હરિદ્વારમાં અસ્થિનું પૂજન કરાયું

- **સરગમ ક્લબ દ્વારા ૨૫૦૦ અસ્થિઓ નું વિસર્જન કર્યું**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ ક્લબના ઉપક્રમે હરિદ્વાર મુકામે ગંગાઘાટ ઉપર હરકીપૌડી અસ્થીઘાટ ઉપર રામનાથપરા મુક્તિધામમાં તારીખ ૧/૦૭/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪ સુધીના લાકડા વિભાગ તેમજ વિદ્યુત વિભાગના કુલ ૨૫૦૦ વ્યક્તિના અગ્નિદાહ અપાયેલ તે તમામના તારીખ ૧૩/૦૧/૨૦૨૫ ના રોજ સવારના ગંગા નદીમાં સરગમ પરિવાર ના લોકો એ દરેક ના વ્યક્તિગત નામ લઈ અસ્થી પધરાવેલ ત્યારબાદ ત્યાં સાધુ સંતો ને ભોજન તેમજ ચા



પીવડાવેલ. તેમજ ગંગા નદી માં સ્નાન કરીને પુણ્ય પ્રાપ્ત કરેલ આ માટે સરગમ ક્લબ નાં કમિટી મેમ્બરો પોતાના સ્વખર્ચે અસ્થી વિસર્જન કરવા ગયેલ આ સેવાકીય કામ માટે શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા માર્ગદર્શન હેઠળ કમિટી મેમ્બર ની ટીમ રમેશભાઈ અકબરી, મનસુખભાઈ ધંધુકિયા નરેન્દ્રભાઈ આડેશરા, કૌશિકભાઈ વ્યાસ, કનૈયાલાલ ગજેરા, ડો પંકજભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, મનહરભાઈ પારેખ, દિનેશભાઈ કારીયા, પુથવીરાજ સોલંકી ઉપસ્થિત રહેલ. અને સાધુઓને ભોજન કરવેલ આ તમામ મેમ્બરો હરિદ્વારમાં અસ્થી પૂજન સેવા કાર્યમાં સહયોગ આપેલ.

# કુવાડવા ગામે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ઉતરાયણ નિમિત્તે પતંગ અને મમરાના લાડુ વિતરણ કરાયા



**જય વેલનાથ પ્રા.શાળા કુવાડવા ખાતે તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ કાકડીયા, પૂર્વ સરપંચ સંજયભાઈ પીપળીયા,સામાજિક કાર્યકર એવા ભૂપતપરી ગોસ્વામી અને અશોકભાઈ બાહુકિયા વગેરે દ્વારા શાળાનાં તમામ બાળકોને મમરાના લાડું અને પતંગ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ તેમજ મધ્યાહન ભોજન યોજના હેઠળ શાળાના બાળકો પૌષ્ટિક આહાર લે છે એની ભોજન તપાસ કરેલ... આ તકે શાળા પરિવાર તમામ મહાનુભાવોનોં હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરે છે.**

# રાજકોટમાં મોડ 3 ની પરીક્ષા પાસ કરનાર ૧૨ PSIની અલગ અલગ પોલીસ મથકમાં કરાઈ નિયુક્તિ

- **રાજકોટના આર. કે. જાડેજાને EOWમાં નિમણૂક અપાઈ**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમા મોડ ૩ ની પરીક્ષા પાસ કરી હાજર થયેલા એક ડઝન પીએસઆઈને અલગ અલગ પોલીસ મથક અને બ્રાન્ચમાં પોલીસ કમિશનર દ્વારા નિયુક્તિ આપવામાં આવી છે.



રાજકોટ શહેરમા મોડ ૩ ની પરીક્ષા પાસ કરી હાજર થયેલા પીએસઆઈને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા અલગ અલગ પોલીસ મથક અને બ્રાન્ચમાં નિયુક્તિ આપવામાં આવી છે. જેમાં ભમરસિંહ સારંગજી ચૌહાણને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, બિંદુબેન રમેશભાઈ પલ્લાચરીયાને મહિલા પોલીસ સ્ટેશન, મયુરી બાબુભાઈ રામાણીને એ.સી.પી ટ્રાફિક રીડર રાજુભાઇ કનુભાઈ પટેલને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, ધર્મેશભાઈ યોગેશભાઈ મહંતને એ ડિવિઝન પોલીસ સ્ટેશન, ભાવેશ ધિરુભાઈ ડાંગરને એ ડિવિઝન પોલીસ સ્ટેશન, સંદિપ વિઠલભાઈ ભાયાણીને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, કોમલ બળવંતભાઈ વરિયાને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, પ્રહલાદભાઈ દિનેશભાઈ પઢેરીયાને આજીડેમ પોલીસ સ્ટેશન, રૂપેન્દ્રસિંહ કરણસિંહ જાડેજાને ઊધઠ, નિલેશસિંહ રાયસંગભાઈ રાઠોડને યુનિવસિટી પોલીસ સ્ટેશન અને પ્રવિણભાઈ ગોવિદભાઈ આલને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નિમણૂક આપવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ૧૦૦ રૂપિયાની માથાકૂટમાં ચા ની હોટલ પર સળગતી બોટલના ઘા, લોકોમાં નાસભાગ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ શહેરમાં પોલીસને માત્ર ચોક્કસ કામગીરીમાં જ રસ હોવાથી લુખ્ખાઓ બેફામ બન્યા છે. મકરસંક્રાંતિની રાત્રિના ચાની હોટલ પર રૂ. ૧૦૦ના મુદ્દે ચાર શખ્સે પેટ્રોલ બોમ્બ ઝીંકી પોલીસની આબરૂના ધજાગરા ઉડાડ્યા હતા. કાચની બોટલમાં પેટ્રોલ નાખી વાટથી સળગાવી રહેલા શખ્સો કેમેરામાં કેદ થયા છે. ઘટનાને પગલે હાજર લોકોમાં નાચભાગ મચી જવા પામી હતી. ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય થયો હોવા છતાં પોલીસ આરોપીઓને પકડી શકી નથી.

ઉલ્લેખનીય છે કે, મકરસંક્રાંતિના દિવસે આ જ જગ્યા ઉપર નકળંગ ચાની નજીકમાં આવેલ ઠાકરધણી ચાના સ્ટોલ પર બપોરના સમયે ૧૫ જેટલા લોકો સામસામે આવી જાહેરમાં મારામારી કરી હતી. જે સમગ્ર ઘટનાના પણ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. એટલે કે, એક વાત સ્પષ્ટ છે કે રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુખ્ખા તત્ત્વોનો આતંક વધી રહ્યો છે.

૧૫૦ ફૂટ રિંગ રોડ પરના ખોડિયારનગરમાં રહેતા અને યુનિવર્સિટી રોડ પર આકાશવાણી ચોક પાસે નકળંગ ટી સ્ટોલ નામે હોટલ ધરાવતા જીલાભાઈ ઉર્ફે મુન્નાભાઈ સિરોડિયા (ઉં.વ.૪૦) મકરસંક્રાંતિની રાત્રે પોતાની હોટલે હતા. ત્યારે એ વિસ્તારના આવાસ ક્વાર્ટર્સમાં રહેતો જયદીપ રામાવત હોટલે ગયો હતો અને ચાની હોટલની સાથેની પાનની




દુકાનેથી ફાકી ખરીદી હતી. ત્યારબાદ પાનની દુકાન સંભાળી રહેલા સાહિલ નામના યુવક સાથે પૈસાના મુદ્દે માથાકૂટ શરૂ કરી હતી.

સાહિલે રૂ.૫૦ આપ્યાનું કહ્યું હતું, જ્યારે જયદીપે રૂ. ૧૦૦ની નોટ આપ્યાનું રટણ રહ્યું હતું. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી અને તે સાંભળી નકળંગ હોટલના સંચાલક જીલાભાઈ ઉર્ફે મુન્નાભાઈએ રૂ.૧૦૦ની નોટ પરત આપી દેવા સાહિલને કહેતા જયદીપ રામાવત ઉશ્કેરાયો હતો અને હોટલના સીસીટીવી ફૂટેજ ચેક કરીને પછી વાત કરો તેમ કહી ધમાલ શરૂ કરી હતી.


જીલાભાઈએ ભીડ હોવાથી ફૂટેજ જોવાનો સમય નથી તેમ કહેતા જયદીપે ફૂટેજ જોવાની વાતને લઈ મામલો વધુ ઉગ્ર બનાવ્યો હતો. ત્યારબાદ જયદીપે થોડે દૂર જઈ ફોન કરતા અન્ય એક શખ્સ ધસી આવ્યો હતો અને બંનેએ ડખો વધુ ઉગ્ર બનાવ્યો હતો. જયદીપ અને તેનો સાથીદાર બંને નશાની હાલતમાં હતા અને તેઓ ધમાલ કરવા લાગતા લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. લોકો ધોલાઈ કરશે તેવો ભય લાગતાં બંને નાસી ગયા હતા. લોકોનો આક્રોશ જોતાં જયદીપ પોતાનું સ્કૂટર પણ લઈ શક્યો નહોતો.

# ખોડીયારનગરમાં ભાઈએ ટેપ વગાડવા મોબાઈલ લઈ લેતા બહેનનો ફાંસો ખાઈ આપઘાત

■ રિસામણે બેઠેલી પરિણીતાએ સામાન્ય ચડભડ થતા પગલું ભર્યું પરિવાર શોકમાં ગરકાવ

મુખ્ય સમાચાર,રાજકોટ

ગોંડલ રોડ ૧૫૦ ફુટ રીંગ રોડ પર ખોડિયારનગર- ૧૦માં હાલ માવતરે રિસામણે આવેલી અને ધોળા જંકશનના નંગાડા ગામે સાસરૂ ધરાવતી ૧૯ વર્ષની પરિણીતાએ મોબાઈલ ફોન બાબતે નાના ભાઈ સાથે ચડભડ થતાં મકરસંક્રાંતિના દિવસે જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.



જાણવા મળ્યા મુજબ ખોડિયારનગર-૧૦માં રહેતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં જેરામભાઈ ધનજીભાઈ સોલંકીની દિકરી ભુમિકાબેન (ભુમિબેન) (ઉ.વ.૧૯)એ સાંજે ઘરે ગળાફાંસો ખાઈ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, અશ્વિનભાઈ રાઠોડ, ભાવેશભાઈ, તૌફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ભુમિકાબેનના લગ્ન બે વર્ષ પહેલા ધોળા જંકશન તાબેના નંગાડા ગામે થયા હતાં. જો કે લગ્નના છએક મહિના બાદ પતિએ માથાકટ કરી માર મારી લેતાં પિતા જેરામભાઈ તેણીને માવતરે લઈ આવ્યા હતાં. ત્યારથી તે માવતરે જ હતી. ગઈકાલે સંક્રાંતિના દિવસે પરિવારના લોકો અગાસીએ પતંગ ઉડાડતાં હતાં ત્યારે ભુમિકાબેન નીચે મોબાઈલ ફોન જોતી હતી. આ વખતે નાના ભાઈએ મારે અગાસીએ ટેપ વગાડવા મોબાઈલ જોઈએ છે કહી મોબાઈલ લઈ લેતાં અને અગાસીએ જતો રહેતાં તેણીને માઠુ લાગી જતાં લટકી ગઈ હતી. આ વખતે જ પરિવારજનો નીચે આવતાં જોઈ જતાં બેભાન હાલતમાં નીચે ઉતારી હોસ્પિટલે ખસેડી હતી. પરંતુ જીવ બચી શક્યો નહોતો. ભુમિકાબેન બે બહેન અને એક ભાઈમાં મોટી હતી.

# બાંગ્લાદેશી ચલણ દ્વારા ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં ચાલતી ઘૂસણખોરીનાં ષડયંત્રનો સુરત SOG દ્વારા પર્દાફાશ

મુખ્ય સમાચાર,રાજકોટ

ભારતમાં બાંગ્લાદેશથી બનાવટી આધાર પુરાવા આધારે દેશના વિવિધ ભાગો સહિત ગુજરાતમાં પણ ઘૂસણખોરી થય રહ્યાના સુરત પોલીસ કમિશનર અનુપમસિહ ગેહલોતને કે જેવો એ ગુજરાતના ગુપ્તચર વડા તરીકે બજાવેલ ફરજ અંતર્ગત કેન્દ્રીય એજન્સીઓ સાથેના ગાઢ સંબંધો આધારે સુરતમાં પણ આવા લોકોની ઘૂસણખોરીની મળેલ માહિતી અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચ વડા રાઘવેન્દ્ર વસ્તનાં તથા તજ્જ્ઞ લ તા રાજદીપસિંહ નકુમના માર્ગદર્શનમાં પીઆઈ અશોક ચોધરી ટીમને સુપ્રત કરેલ જવાબદારી પરિણામલક્ષી સાબિત થયેલ છે.





તે દરમ્યાન એસ.ઓ.જી.ના એચસી રામજીભાઈ મોહનભાઈનાઓને ખાનગી રાહે બાતમી મળેલ એક બાંગ્લદેશી મુસ્લીમ યુવક પોતે ભારતીય નાગરીક હોવાનું પ્રસ્થાપિત કરવા પોતાનુ ખોટુ નામ ધારણ કરી પોતાનુ ખોટા નામના આધાર પુરાવા બનાવેલ છે. તે બાતમી આધારે એસ.ઓ.જી.ના અધિકારી/ માણસોએ લાલગેટ પાલીયા ગ્રાઉન્ડ ઝુપડપટ્ટીમાંથી આરોપી- યુસુફ સરદાર ઉ.વ.૨૭ ધંધો. કડીયાકામ રહે. ઝુપડપટ્ટીમાં રીડા રેસીડેન્સીની સામે પાલીયા ગ્રાઉન્ડ ફુલવાડી ભરીમાતા રોડ લાલગેટ સુરત મૂળ ગામ- વિષ્ણુપુર-માધોફાસો થાના- કાલીયા જિ. નરાઈલ (બાંગ્લાદેશ)વાળાને ઝડપી પાડી તેની પાસેથી (૧) બાંગ્લાદેશનુ પાસપોર્ટની કલર ઝેરોક્ષ. તથા ખોટા નામનુ (૧) ભારતીય ચુટણીકાર્ડ (૨) ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધાર કાર્ડ (૩) મોબાઈલ ફોન નંગ-૦૧ વિગેરે મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

મજકુર આરોપીની પુછપરછ દરમ્યાન એવી હકીકત જાણવા મળેલ છે કે, પોતે બાંગ્લાદેશનો નાગરીક હોય અને આજથી દોઢેક વર્ષ પહેલા બાંગ્લાદેશી એજન્ટ મારફતે કુલ- ૧૦૦૦/- બાંગ્લાદેશી કરન્સી ટાકા આપી બાંગ્લાદેશના સાતખીરા બોર્ડર થી ભારતના પશ્ચિમ બંગાળ રાજયના ઈઅગત્રક્ષ્ઘઅગ ખાતેથી પ્રવેશ કરાવી હાવડા રેલ્વે સ્ટેશન ખાતે આવી ટ્રેન મારફતે સુરત ખાતે આવી અલગ અલગ જગ્યાએ ભાડેથી રહેતી હતી. તેની પાસેથી મળી આવેલ ભારતીય ઓળખના પુરાવા બોગસ ડોક્યુમેન્ટ આધારે બનાવેલ હોવાની હકીકત જણાવેલ હતી.

# શાપર વેરાવળમાં બે પરિવાર બાખડી પડ્યા, પાઈપ, લાકડીથી હુમલો, ઈંટના છુટા ઘા થયા

મુખ્ય સમાચાર,રાજકોટ

ભાવનાબેન નીતિનભાઈ પરમાર (ઉ.વ.૨૫, રહે, વેરાવળ શાપર, હાઉસિંગ સોસાયટી, મારૂતિનગર, મુળ ગામ ધ્રાંગધ્રા, આંબેડકરનગર, જી.સુરેન્દ્રનગર)એ ધીરૂ જીવા મકવાણા, તેના પત્ની ગીતાબેન અને અજીત મકવાણા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, મારા દિયર રવિ અમારી આગળ રહેતા જીવાભાઈને કામે સાથે લઈ ગયેલ હોય તે બાબતનો ખાર રાખી ધીરૂભાઈ મોટું લાકડુ લઈ મારવા દોડેલ તથા તેના પત્ની ગીતાબેન તથા અજીતભાઈ એમ બન્ને લોકોએ જેમફાવે તેમ બોલી ઢીકાપાટુનો મુંઢ માર મારી અને ધીરુભાઈએ મારા નણંદને પેટમાં પાટુ મારી મુંઢે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તો આ ત્રણેય લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ નોંધાવી હતી. મારાં નણંદ કિરણબેનને પેટમાં પાટુ માર્યુ હોવાથી તેમને શાપર સરકારી હોસ્પિટલ બાદ રાજકોટની ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.



સામાપક્ષે ગીતાબેન ધીરૂભાઈ મકવાણા (ઉ.વ.૩૫, રહે. વેરાવળ શાપર, હાઉસીંગ સોસાયટી, મારૂતિનગર, મુળ ગામ ખોડુ તા. વઢવાણ જી. સુરેન્દ્રનગર)એ રવિ, નિતીન, પરસોતમ અને મયુર સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, ગઈકાલે સાંજના સાડા છએક વાગ્યે હું તથા મારી દિકરી ઘરે હતા ત્યારે મારા પતિ ઘરે આવેલ અને મારા પતિએ મને વાત કરેલ કે આપણા ઘરની આગળ રહેતા રવિ સાથે આપણા બાપાને કામ કરવા સાથે લઈ જાય છે અને મે તેને કામે લઈ જવાની ના પાડેલ તે બાબતે બોલાચાલી થઈ છે.

તેવામાં ચારેય આરોપી આવ્યા અને મને કહેવા લાગેલ કે જીવાભાઈને અમો કામે લઈ ગયેલ હતા તે બાબતે તારા પતિએ મારા સાથે ખોટી માથાકુટ કરેલ છે. તેમ કહી જેમફાવે તેમ અપશબ્દો દેવા લાગેલ. મને પાઈપથી માર મારી મારાં પતિને ઢીંકાપાટુનો માર માર્યો હતો. ઈંટનો ઘા કરતા મારી દિકરી સોનલને ઈજા થઈ હતી.

માણસો ભેગા થઈ જતા આરોપીઓ જતા રહ્યા અને હવે જો અમારી સાથે ખોટી માથાકુટ કરી તો જાનથી મારી નાખશું તેમ ધમકી આપી હતી. અમે ખાનગી હોસ્પિટલ સારવાર લીધી હતી.

આ બનાવ બનવાનું કારણ એવુ છે કે, મારા સસરા જીવાભાઈને રવિ કામે લઈ ગયેલ હોય, મારા પતિએ મારા સસરાને કામે નહી લઈ જવાનું કહેલ હોય તે બાબતે ઝઘડો થયો હતો. શાપર પોલીસે સામસામી બે ફરિયાદ નોંધી આરોપીઓની અટકાયત કરવા તજવીજ કરી હતી.

# રાજકોટમાં પુત્રના પ્રેમપ્રકરણમાં જનેતાએ છઠ્ઠા માળેથી લગાવી મોતની છલાંગ

## ત્રણ દિવસ પૂર્વે પ્રેમી યુગલ પલાયન થઈ જતા યુવતીના પરિવારની ધમકીથી પગલું ભર્યાનો આક્ષેપ

મુખ્ય સમાચાર,રાજકોટ

કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ આવેલી આદિત્ય હાઉસીંગ સોસાયટીમા રહેતો યુવાન ૩ દિવસ પુર્વે સાધુ વાસવાણી રોડ પર ગોપાલ ચોકમા રહેતી યુવતીને ભગાડી ગયો હતો. પુત્રના પ્રેમપ્રકરણમા યુવતીના પરીવારે માતાને ધાક ધમકી આપતા પુત્રના પ્રેમ પ્રકરણમા જનેતાએ છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવી આપઘાત કરી લીધો છે. પ્રૌઢાના આપઘાતથી પરીવારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.



આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમા કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ આવેલી આદિત્ય હાઉસીંગ સોસાયટીમાં રહેતા ઉપાબેન કિશોરભાઈ જાની નામના પર વર્ષના પ્રૌઢા ગત તા. ૧૩ ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામા પોતાની બિલ્ડીંગમા હતા ત્યારે છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવી હતી. ઘટનાને પગલે સ્થાનીક લોકો એકઠા થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા ઉપાબેન જાનીને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યા હતા જયા તેમની સારવાર કારગત નિવડે તે પુર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરીવારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનિર્વસીટી પોલીસને જાણ કરતા યુનિર્વસીટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી પ્રૌઢાના મૃતદેહને પીએમ માટે મેડીકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

આ અંગે પ્રાથમીક પુછપરછમા ઉપાબેન જાનીના પતિ કિશોરભાઈ જાની કર્મકાંડનુ કામ કરે છે અને તેમને સંતાનમા બે પુત્ર છે. મોટા પુત્ર મિલન જાનીને સાધુ વાસવાણી રોડ પર ગોપાલ ચોક પાસે રહેતી પાયલ જલા સભાડ નામની એક યુવતી સાથે પ્રેમ સબંધ ૩ દિવસ પુર્વે જ હતો અને ૩ જ મિલન જાની પાયલ સભાડને ભગાડી ગયો. હતો. પાયલ સભાડના પિતા જલા સભાડ, ગોપાલ સભાડ અને મેહુલ સભાડ સહીતના શખ્સો ઉપાબેન જાનીને ધાક ધમકી આપતા હતા. પુત્રના પ્રેમ પ્રકરણમા યુવતીના પરિવારે ધમકી આપતા ઉનાબેન જાની એ છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવી મોત વહાલુ કર્યુ હોવાનુ જાણવા મળ્યુ છે આ બનાવ અંગે યુનિર્વસીટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીજીપીએ ૧૩ની બદલી કરી, પોલીસની છાપ બગાડનારા ચાર વહીવટદારોને સસ્પેન્ડ કર્યા

## ચાર પોલીસકર્મી મંજૂરી વગર વિદેશ પ્રવાસે ગયા હતા:૧૩ વહીવટદારોની જીલ્લા બહાર બદલી કરતા તેમને હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા

મુખ્ય સમાચાર, અમદાવાદ

રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે અમદાવાદના ૧૩ પોલીસ કર્મચારીઓની જિલ્લા બદલી બાદ વધુ એક આકરો નિર્ણય લીધો છે. જેમાં શહેર પોલીસમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રભુત્વ ધરાવતા પોલીસ કર્મચારીઓની જિલ્લા બહાર બદલી થતાં ત્રણ કર્મચારીઓએ વિકાસ સહાય સામે બાંયો ચઢાવી ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતાં. જેમાં જિલ્લા બદલી કરાયેલા પોલીસ કર્મચારીઓની તપાસ ડીજીપીએ સ્ટેટ મોનિટરિંગ સેલના નિર્લિપ્ત રાયને સોંપી હતી. જેમાં વહિવટદારોના કાંડની તપાસ કરી રહેલા નિર્લિપ્ત રાયના રિપોર્ટને આધારે ડીજીપીએ ફિરોજખાન પઠાણ(બોટાદ), હરવિજય ચાવડા( અમરેલી), મહિપતસિંહ ચૌહાણ(જામનગર) તથા મહેન્દ્રસિંહ દરબાર(જામનગર)ને સસ્પેન્ડ કરી દીધા છે.શહેર પોલીસની ઈમેજને બગાડનાર વહિવટદારોની ખાસ્સી ફરીયાદો ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચી હતી. જેને લઈને રાજ્ય પોલીસવડાએ એક્શન લઈને ૧૩ વહીવટદારોની જીલ્લા બહાર બદલી કરી હતી. જયારે કમિશ્નરે સંખ્યાબંધ વહિવટદારોને કે કંપનીમાં ખસેડી દીધા હતા. જેમાં ૧૩ પૈકી ત્રણ વહિવટદારોએ ડીજીપીના આદેશના મુદ્દે કોર્ટનું શરણ લીધું હતું. જોકે તેમણે પોતાની રજુઆત પાછી ખેંચી લીધી હતી. બીજી તરફ ડીજીપીએ સમગ્ર વહિવટદારોની સ્થાવર અને જંગમ મિલ્કતોની તપાસ નિર્લિપ્ત રાયને સોંપી હતી. તપાસમાં એક રિપોર્ટ ડીજીપી સમક્ષ રજૂ થયો હતો.

# રાજકોટમાં નામચીન શખ્સ સહિત ચારનો યુવતી ઉપર નિર્લજ હુમલો

## હાથ પકડી બીભત્સ માંગણી કરનાર ચારેય શખ્સો વિરૂદ્ધ ફરિયાદ

શહેરના ગોકુલધામ વિસ્તારમા પોતાના ઘરમા મિત્ર સાથે બેઠેલી યુવતીને તેના વિસ્તારના શખ્સે હાથ પકડી બિભત્સ માંગણી કરી કપડા ફાડી નિર્લજ હુમલો કરતા પોલીસમા ફરીયાદ નોંધવામા આવી છે. વધુ વિગતો મુજબ યુવતીએ પોતાની ફરીયાદમા પરીયો ગઢવી, મેટીયો ઝાલા, યાસીન ઉર્ફે ભુરો અને એક અજાણ્યા શખસ વિરૂધ્ધ પોલીસમા નિર્લજ હુમલો, મારામારી તેમજ ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવી છે. યુવતીએ પોતાની ફરીયાદમા જણાવ્યુ હતુ કે ગઈકાલે તેમને પૈસાની જરૂરીયાત હોય જેથી તેમનો મિત્ર સાહિલ ૧૦ હજાર રૂપીયા લઈને તેમના ઘરે આપવા પહોંચ્યો હતો અને સાંજના સમયે બંને ઘરે બેઠા હતા ત્યારે મેટીયો, પરીયો, યાસીન ઉર્ફે ભુરો અને એક અજાણ્યો શખ્સ ત્યા પહોંચ્યા હતા અને મેટીયાએ યુવતીનો હાથ પકડી બિભત્સ માંગણી કરી હતી અને કહ્યુ કે તુ મારી સાથે આવ તેમજ ઝપાઝપી કરી યુવતીનું ટીશર્ટ ફાડવા લાગ્યા હતા. ત્યારબાદ સોહિલ વચ્ચે પડતા તેમણે આ ચારેય શખ્સોએ છરી વડે ઈજા કરી હતી અને તેમને બેફામ માર માર્યો હતો.

# થોરાળાના રામનગર સોસાયટીમાં લુખ્ખાનો વધતો ત્રાસઃ ધો.૧૨ના છાત્ર પાસે પાન-ફાકીના પૈસા માગી બેલડીનો હુમલો

## માંડાડુંગર પાસે રૂપિયાની લેતી-દેતી મુદ્દે યુવાન ઉપર ચાર શખ્સો લાકડી વડે તૂટી પડયા

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં આવેલી સર્વોદય સોસાયટીમા રહેતા અને ધો. ૧૨મા અભ્યાસ કરતા સની છગનભાઈ સોલંકી નામનો યુવાન પોતાના ઘર પાસે પસાર થતો હતો ત્યારે તેની પાસેથી મોહિત ઉર્ફે કાળુ દિપકભાઈ પરમાર અને જયુ ચાવડા ત્યા આવી પહોંચ્યા હતા અને તેઓએ પાન ફાકી ખાવાના પૈસા માગતા ફરીયાદી સનીએ પૈસાની ના પાડી દેતા બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને જયુએ લાકડી વડે અને તેની સાથેના મોહીતે પાઈપ વડે સનીને બેફામ માર માર્યો હતો જેથી તેમને માથામા સાત ટાંકા આવ્યા હતા. આ મામલે થોરાળા પોલીસ મથકમા ફરીયાદ નોંધવામા આવતા એએસઆઈ એસ. ડી. પડે સહીતના સ્ટાફે તપાસ શરૂ કરી છે. બીજી ઘટનામા માંડા ડુંગર પાસે હિંગળાજ પાનવાળી શેરીમા રહેતા પ્રદીપ કાળુભાઈ ડાભીએ પોતાની ફરીયાદમા વિપુલ ચૌહાણ, ચબો અને સુનીલ અને અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી જેમા ગઈકાલે પ્રદીપ રાધાકૃષ્ણ પાનની દુકાને પાન ફાકી ખાવા ગયો ત્યારે પૈસાની લેતી દેતી મામલે ચારેય શખ્સોએ ઝઘડો કરી લાકડી વડે માર માર્યો હતો આ મામલે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ હરસુરભાઈ ડાંગરે તપાસ શરૂ કરી હતી.

# પીલેપીલે ઓ મોરે રાજા ગીત ઉપર દારૂના ચપલા સાથે નબીરાઓએ કર્યો નાચ



ઉતરાયણ પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી જયારે અમુક શખ્સોએ નશીલી ઉજવણી કરી હોય તેમ મોટા મવામાં આવેલ સીતાજી ટાઉનશીપમાં નબીરાઓ પી લે પી લે ઓ મોરે રાજા ગીત ઉપર નબીરાઓ દારૂના ચપલા સાથે ડાન્સ કરતા હોય અને ચારેક ખુરશીઓ ઉલાળીને તોડી નાખતા હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા પોલીસે તપાસ હાથ ધરી છે. રાજકોટમાં સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો છે જેમાં પાંચ જેટલા શખ્સો પી લે પી લે ઓ મોરે રાજા ગીત ઉપર ડાન્સ કરી રહ્યા છે તેમની હરકત જોતા તેઓ નશામાં ધૂત હોય તેવું લાગી રહ્યું છે કારણકે એક શખ્સ હાથમાં દારૂનું ચપલું લઈને ડાન્સ કરી રહ્યો છે આટલું જ નહિ મોજમાં આવી ગયેલા નબીરાઓ એક પછી એક ખુરશીઓ ઉલાળી ઉલાળીને તોડી રહ્યા હોય તેવું પણ દ્રશ્યમાન થઈ રહ્યું છે પ્રાપ્ત વિગતો મુજબ મોટા મવા ૮૦ ફટ રોડ ઉપર આવેલ સીતાજી ટાઉનશીપના પાર્કિંગ એરિયાનો આ વિડીયો હોવાનું જાણવા મળ્યું છે પોલીસે વાયરલ વિડીયો અંગે તપાસ હાથ ધરી છે.

# રાત્રીના રસ્તા વચ્ચે બંધ પડેલા ટ્રક પાછળ બાઈક અથડાતા SRD જવાનનું કરૂણ મૃત્યુ

## કોડીનાર મૂળ દ્વારકા રોડ ઉપર માર્ગ અકસ્માત સર્જાયોઃ ગંભીર ઈજા સાથે હોસ્પિટલે ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા

મુખ્ય સમાચાર,રાજકોટ

કોડીનાર મૂળ દ્વારકા રોડ ઉપર ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં કોડીનારમા સાગર રક્ષક દળમાં ફરજ બજાવતા જવાનનું કરુણ મૃત્યુ થયું છે.



કોડીનાર પોલીસ મથકમાં દીપકભાઈ વંશે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત રાત્રીના એસઆરડી સભ્ય લખમણ ભાઈ કાળાભાઈ વાજા રહે. કોડીનાર બંનેની નોકરી મૂળદ્વારકા ગામે હોય જેથી હું રાત્રિના દસ વાગ્યે કોડીનાર પોલીસ સ્ટેશને ગયો હતો અને અમે બંને મૂળ દ્વારકા ગામે ફરજ પર જવા માટે મે બાઈક અને લખમણભાઈ તેમની બાઈક ચલાવી નીકળ્યા હતા. લખમણભાઈ મારાથી થોડા આગળ હતા કોડીનાર મૂળ દ્વારકા રોડ ઉપર શ્રદ્ધા માર્બલ નામની દુકાન પાસે પહોંચ્યા ત્યારે ત્યાં એક ટ્રક બંધ હાલતમાં ઉભો હતો. જે ટ્રકના પાછળના ભાગે લખમણભાઈની મોટરસાયકલ અચાનક અથડાઈ ગઈ હતી અને લખમણભાઈ મોટરસાયકલ ઉપરથી પડી ગયા હતા. જેથી મેં મારી ગાડી સાઈડમાં મુકી અને તાત્કાલિક તેમની પાસે જતા તેમના માથાના પાછળના ભાગે ઈજાના નિશાન હતા. જેથી ૧૦૮ માં ફોન કરી પ્રથમ રા.ના.વાળાહોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ જ્યા ફરજ પરના ડોક્ટરે લખમણભાઈ ને મૃત જાહેર કર્યા હતા.બાદમા આજે લક્ષ્મણભાઈને કોડીનાર સરકારી દવાખાને પીએમ માટે લાવેલ હતા.

# આસ્થા સર્કલ પાસે રિક્ષાચાલકનો મોબાઈલ અને દોઢ લાખનો ચેઈન ઝુંટવી ચાર શખ્સનો હુમલો

## મોબાઈલમાં વીડિયો ઉતાર્યાની શંકાએ લૂંટ કરી માર માર્યાની ફરિયાદ



શહેરના દોઢસો ફટ રીંગ રોડ પર આસ્થા સર્કલ પાસે પાનની દુકાને ફાકી ખાવા ઉભા રહેલા રીક્ષા ચાલકે ગેલા સાધા ઘોઘરા (ઉ.વ. ૪૫) એ હિરેન પરમાર અને તેની સાથે આવેલા ૩ શખ્સો સામે પોલીસમા ફરીયાદ નોંધાવતા પીએસઆઈ સીંધી સહીતના સ્ટાફે આરોપીઓને સકંજામા લેવા તજવીજ શરૂ કરી છે. વધુ વિગતો મુજબ મવડીમા આવેલા વિનાયકનગરમાં રહેતા ગેલાભાઈએ ફરીયાદમા જણાવ્યુ હતુ કે ગઈકાલે બપોરના સમયે મિત્ર સાગર મકવાણા તેમની ઓટો રીક્ષા લઈને ગેલાભાઈના ઘરે પહોંચ્યો હતો ત્યારબાદ બંને રીક્ષામા બેસી ગોંડલ ચોકડી તરફ ચકકર મારવા નિકળ્યા હતા અને આસ્થા ચોકડી પાસે પહોંચતા તેઓને ફાકી ખાવી હોય જેથી આંબેડકરનગર જવાના રસ્તે પાન –ફાકીની દુકાન સામે રીક્ષા ઉભી રાખી હતી અને મીત્ર સાગર દુકાન પર ફાકી લેવા ગયો અને ગેલાભાઈ રીક્ષામા બેઠા બેઠા મોબાઈલ જોતા હતા ત્યારે એક અજાણ્યો શખ્સ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેમણે ગેલાભાઈના હાથમા મોબાઈલ ફોન ઝુટવી લીધો હતો તેમજ તેમણે કહ્યુ કે તુ કેમ અમારો વીડીયો ઉતારે છે અને બાદમા ગાળો બોલવા લાગ્યો હતો ત્યારે ગેલા રીક્ષામાથી ઉતરી જઈ અને શાંતીથી વાત કરવાનુ કહેતા નાસ્તો કરી રહેલા મિત્રને હિરેન પરમાર અહીં આવ. આ વ્યકિત આપણા વીડીયો ઉતારી રહયો છે તેમ કહેતા હિરેન પરમાર ત્યા પહોંચ્યો હતો અને તેમણે ગાળો આપી હતી. તેમજ કમરેથી પટ્ટો કાઢી અને ગળામા પહેરેલો સોનાનો ચેન રૂપીયા ૧.૫૦ લાખનો ઝુટવી લીધો હતો ત્યારબાદ તેના વધુ બે મિત્રો ત્યા પહોંચી પાઈપ વડે માર માર્યો હતો. જેથી ગેલાભાઈ ગભરાઈ જતા ત્યાથી ભાગવા લાગ્યા હતા અને તેની પાછળ હિરેન પરમાર અને તેના ૩ મીત્રો પણ પાછળ દોડયા હતા. ત્યારબાદ આરોપીઓ ફરાર થઈ જતા ગેલાભાઈ અને તેમના મિત્ર સંજયભાઈએ સારવાર માટે હોસ્પિટલે ખસેડયો હતો. આ મામલે માલવીયા નગર પોલીસ સ્ટાફે તપાસ શરૂ કરી છે.